શ્રી જલારામ મંદિર – શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

ફોન : ૮૪૭-૪૯૦-૫૨૫૨ / ૮૪૭-૮૦૧-૪૭૫૨
ફેક્સ : ૮૪૭-૪૫૦-૧૭૧૮
http://www.shreejalarammandir.org

૪૨૫ ઈલીનોઈસ બુલેવર્ડ, હોફમેન એસ્ટેટ્સ, ઈલીનોઈસ – ૬૦૧૬૯

જાન્યુઆરી ૨૦૧૭ Year : 9 Vol : 29

## આગામી કાર્યક્રમો

**: નવગ્રહ પૂજા :**

શનિવાર, જાન્યુઆરી ૧૪ - સાંજે ૪:૦૦ કલાકે

**: ધ્વજ વંદન :**

ગુરૂવાર, જાન્યુઆરી ૨૬ - સવારે ૭:૩૦ કલાકે

**: શ્રી જલારામબાપા પુણ્યતિથી :**

મંગળવાર, ફેબ્રુઆરી ૨૧ સાંજે ૫:૦૦ કલાકે

**: મહાશિવરાત્રી :**

શુક્રવાર, ફેબ્રુઆરી ૨૪ - સાંજે ૫:૦૦ કલાકે

**: હોળી :**

રવિવાર, માર્ચ ૧૨ - સાંજે ૫:૦૦ કલાકે

**દરેક ઉત્સવ બાદ મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.**

**: Nav Grah Puja :**

Saturday, Jan. 14 - 4:00 PM

**: India's Republic Day :**

(Flag Ceremony)

Thursday, Jan. 26 - 7:30 AM

**: Shree Jalarambapa Punya Tithi :**

Tuesday, Feb. 21 - 5:00 PM

**: Maha Shivratri :**

Friday, Feb. 24 - 5:00 PM

**: Holi Festival :**

Sunday, March 12 - 5:00 PM

**Mahaprasad will be served after each event.**

આપ ઉપર જણાવેલ કોઈપણ કાર્યક્રમોમાં યજમાન તરીકે, આરતી અથવા પ્રસાદની સેવા આપવા ઈચ્છતા હોય તો આપને હરિવદનનો ૨૨૪-૫૫૮-૮૨૨૮, વિપુલનો ૬૩૦-૯૬૫-૯૭૯૦ અથવા દિપકનો ૮૪૭-૩૨૨-૪૬૩૪ પર સંપર્ક કરવા વિનંતી છે.

## વીરબાઈમા હોલ

આપના ઘરમાં આવતા કોઈપણ પ્રસંગ માટે આપ મંદિરનો સભા હોલ રાખી શકો છો. આ ઉપરાંત આપ મંદિરનું ભોંયરૂ, રસોડુ તથા મંદીરમાં બનાવેલ રસોઈ પણ લગ્ન પ્રસંગ, વર્ષગાંઠ અથવા સીમંત જેવા પ્રસંગો માટે રાખી શકો છો. આ માટે આપને રાજેન્દ્રનો ૮૪૭-૯૪૨-૧૪૪૦ અથવા યોગેશનો ૮૪૭-૩૪૦-૯૬૪૪ પર સંપર્ક કરવા વિનંતિ છે

# પ્રમુખ સ્થાનેથી

**પ્રમુખઃ ભુપેન્દ્રભાઇ ઠક્કર**

સૌ ભકતોને સાદર પ્રણામ અને નૂતન વર્ષની શુભકામના અને જય જલારામ.

નૂતન વર્ષના શુભ અવસર પર નૂતન મંદિરમાં સર્વ ભકતો અને મંદિરના સ્વર્યસેવક ભાઇ-બહેનોના સાથ અને સહકારથી અન્નકુટનું સુંદર આયોજન ખૂબ જ ભાવસભર ઉજવાયુ. પૂ. બાપાના ચરણોમાં બેસીને સર્વ ભકતોને શ્રધ્ધાની અનુભૂતિ થઇ.

પૂ. જલારામબાપાની આરતીમાં ગવાતી પંક્તિઓ ‘‘મારે આંગણિયે તુલસીનો કયારો, શાલીગ્રામની સેવા’’, જાણે સિધ્ધ થઇ ગઇ હોય એવી ચમત્કારીક ઘટના બની. તેજ દિવસે (નૂતન વર્ષ) કોઇપણ જાતની જાણ વગર નેપાળની ગંડકી નદીમાંથી મળતા શાલીગ્રામ ભગવાન અને કૈલાસ માન સરોવરનું જળ સ્વયં એક બહેનશ્રીએ મોકલ્યુ અને તેજ દિવસે સર્વ મૂર્તિઓ અને મંદિરના ગર્ભગૃહમાં જળ છાંટીને પવિત્રકરણ કરી ભગવાન શાલીગ્રામને નિત્યપૂજામાં પધરાવી ખૂબ જ આનંદ થયો.

આપણા નવા મંદિરનું કાર્ય પૂર્ણતાને આરે આવીને ઉભુ છે. ભારતથી શીખર અને ઘુમ્મટ આવી ગયા છે અને આપણા મંદિરના સૌ સ્વયંસેવકોની મદદથી શીખર અને ઘુમ્મટને પ્રાથમિક રીતે તૈયાર કરવાનું કામ પૂર્ણ થઇ ગયુ છે. ફક્ત સ્ટ્રકચરનું કામ બે થી ત્રણ અઠવાડીયામાં પુરૂ થતાં આપણું મંદિર શીખરબદ્ધ સુશોભિત તૈયાર થઇ જશે.

આ પુરા થતા વર્ષ દરમ્યાન આપ સૌ ભકતોએ આપ સૌની યથાશકિત મુજબ નાની મોટી યજમાન સેવાઓમાં ભાગ લઇ મંદિરના કાર્યમાં સહભાગી થયા તે બદલ આપ સૌનો હું મંદિર વતી હૃદયપૂર્વક ખૂબ જ આભાર માનું છુ અને આવતા વર્ષોમાં પણ આવો જ કે આનાથી વધારે સાથ અને સહકાર આપતા રહેશો તેવી બાપાના ચરણોમાં નમ્ર પ્રાર્થના.

સમગ્ર વર્ષ દરમ્યાન મંદિરના દરેક કાર્યમાં સૌ સ્વયંસેવક ભાઇ-બહેનોએ જે તન મન અને ધનથી સેવાઓ આપી તે સૌનો હું મંદિર વતીથી હૃદયપૂર્વક આભાર માનું છુ અને હવે પછીના આવતા વર્ષોમાં પણ આવો કે તેનાથી વધારે સાથ અને સહકાર આપતા રહેશો તેવા નમ્ર નિવેદન સાથે સૌને **જય જલારામ.**

# સંસ્થા સમાચાર

**સંકલન - રજનીકાંત મોદી**

આપણા મંદિરમાં પાછલા મહિનાઓમાં ઘણા પ્રસંગો ઉજવાયા તેનો ટૂંકમાં અહેવાલ નીચે પ્રમાણે છે.

જુલાઇ માસ જલારામ મંદિરના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે. જુલાઇ ૨ને શનીવારે સવાર સાંજ શુભ સંકલ્પ યજ્ઞનું સુંદર આયોજન કરતાં બહારગામથી પધારેલ મૂખ્ય આચાર્યશ્રીએ વેદોકત મંત્રોચ્ચારથી પૂજાનો લાભ આપ્યો. આ યજ્ઞમાં ફકત ૧૦૮ યજમાનોનું પ્રયોજન હતુ પરંતુ અનેક બીજા પરીજનોના આગ્રહને માન આપી ૧૧૪ જેટલા યજમાનોએ શુભ સંકલ્પ યજ્ઞ સફળ બનાવવા માટે આહૂતિઓ આપી.

જુલાઇ ૬ને બુધવારે રથયાત્રા હોવાથી શામબર્ગ ટાઉનશીપ સેન્ટરમાંથી ઉત્સવ મૂર્તિઓ સાથે શોભાયાત્રાનું આયોજન થયુ. જેમાં કૌતુકવાત એ હતી કે પરજન્ય દેવતાઓએ પણ વર્ષારૂપે આશીર્વાદ આપી હાજરી આપી. સાથે અમદાવાદથી પધારેલા પૂ. શ્રી અધ્યાત્મનંદજીએ પધારી શોભામાં અભિવૃધ્ધિ કરી. સૌ ભકતો નાચતા, ગાતા, ભજન કીર્તન કરતા ઢોલ અને નગારાના નાદે હર્ષોલ્લાસ કરતા મંદિરમાં પધાર્યા. ત્યારબાદ દેહ શુધ્ધિ પ્રાયશ્ચિત કર્મ કરાવવામાં આવ્યુ.

જુલાઇ ૭ને ગુરૂવારે બપોરના ૧૨-૫૧ મીનીટે મંદિરના પ્રવેશદ્વારની પૂજા થતા કાયદેસર સૌ ભકતો મંદિરમાં પધાર્યા. ત્યારબાદ આચાર્યવરણ થતા પ્રાણ પ્રતિષ્ઠાની પૂજા વિધિની શરૂઆત થઇ. જેમાં બધા જ દિવસોમાં સૌ ૧૬ જેટલા મૂખ્ય યજમાનોએ પૂજાનો લાભ લીધો. મૂખ્યત્વે તો મંગલા ચરણ, ગણપતિ પૂજન, માતૃકા પૂજન, કળશ પૂજન, વાસ્તુ પૂજન, ભૈરવજી, મહાદેવ, સર્વતો ભદ્રનું પૂજન વેદોકત મંત્રોચ્ચાર સાથે ૧૧ ભૂદેવો દ્વારા કરાવવામાં આવ્યું.

જુલાઇ ૮ને શુક્રવારે સવારથી જ ૯ થી ૪માં સર્વ યજમાનોએ પ્રાતઃ પૂજામાં હાજર રહી વિદ્વાન બ્રાહ્મણો દ્વારા સર્વ દેવતાઓના ગાયત્રી મંત્રથી હવન કરવામાં આવ્યો. બપોર પછી મહાસ્નપનમ મંત્રોચ્ચાર દ્વારા કળશમાં અભિમંત્રિત કરેલ પવિત્ર જળથી અભિષેક કર્યો. અને બધી જ મૂર્તિઓને સ્થાપિત કરવા અરોરાથી પધારેલ અનુભવી શાસ્ત્રીજીને સોંપવામાં આવી. મંદિરના ઘણા બધા સ્વયંસેવકોની મદદથી આખી રાતમાં તેઓએ દરેક મૂર્તિઓને તેમના નિર્ધારીત સ્થાને સ્થાપિત કરવામાં આવી.

જુલાઇ ૯ને શનીવારે અભિજીત નક્ષત્રમાં સર્વ મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા લગભગ ૨૫૦૦ જેટલા ભાવિક ભકતોની હાજરીમાં વેદોકત મંત્રોચ્ચાર સાથે વિવિધ પૂજા દ્વારા કરવામાં આવી. અમદાવાદથી પધારેલ પૂ. અધ્યાત્મનંદજી અને ભાવનગરથી પધારેલ પૂ. રાજેન્દ્રપ્રસાદજીની હાજરી મહત્વની હતી. જયારે હોફમેન એસ્ટેટસના મેયરશ્રી, ટ્રસ્ટીઓ, શામબર્ગ ટાઉનના બે ટ્રસ્ટીઓ તથા ઇલીનોઇસ સ્ટેટના ગર્વનરશ્રીએ ૯મી જુલાઇને ''જલારમ દિન'' તરીકે જાહેર કરતાં હાજર રહેલા સૌ ભકતોએ તાળીઓના ગળગળાટથી વધાવતા ખૂબ હર્ષોલ્લાસ ઉત્પન્ન થયો. ખાસ તો બધા જ દિવસો દરમ્યાન બપોરના અને સાંજના વિવિધ ભોજન કચાવી કમીટી તરફથી પીરસવામાં આવતા હતા. જયારે તેની ગ્રોસરી લોકલ પાંચ જેટલા સ્ટોરના માલિકો દ્વારા સેવાર્થે આપવામાં આવી હતી. સાંજના કલ્ચર પ્રોગ્રામનું આયોજન થયું.

આ બધા જ પ્રસંગો દરમ્યાન બધા જ સ્વયંસેવકોની સેવાઓ ભૂલાય એવી નથી જયારે પાર્કીંગના સ્વયંસેવકોએ મહત્વનું કામ હાથ ધર્યુ હતુ.

ઓગષ્ટ ૭ થી ૧૪ સુધી ભારતથી પધારેલા સંત પૂ. શ્રી રમેશભાઇ ઓઝા (પૂ. ભાઇશ્રી) દ્વારા ભાગવત કથાનું રસપાન સૌ ભકતોએ કર્યું. ૨ મૂખ્ય યજમાનો તથા ૨૧ પોથી યજમાનોએ સેવા આપી. અને છેલ્લે દિવસે પૂ. ભાઇશ્રીની ૬૦મી વર્ષગાંઠ ઉજવવામાં આવી હતી.

ઓગષ્ટ ૨૫ને ગુરૂવારે જનમાષ્ટમી હોવાથી મંદિરમાં ૬ થી ૧૧ સુધી ભજનોનો લાભ સૌ ભકતજનોએ લીધો. ૧૧ થી ૧૨માં બાલકૃષ્ણજીની પૂજા કરતાં બરાબર રાત્રે ૧૨ વાગે નંદ ઘેર આનંદ ભયો ના નારા સાથે જન્મ મહોત્સવ ઉજવવામાં આવ્યો. સૌએ પંજરીનો પ્રસાદ મેળવી રાજીપો મેળવ્યો.

ઓગષ્ટ ૨૭ને શનીવારે વિરપુર જલાબાપાના ગાદીપતી પૂ. જયસુખરામબાપા મોટી ઉંમરે સ્વર્ગવાસી થતાં શોકનું વાતાવરણ સર્જાયુ અને મંદિરમાં પધારેલ સૌએ મૌન પાળી શોકાંજલી આપી.
ઓગષ્ટ ૨૮ને રવિવારે હરદ્વારથી પધારેલ પૂ. ઋતુંભરાજીએ મંદિરમાં દર્શનાર્થે પધારી સૌ ભકતોને તેમની દિવ્યવાણીનો લાભ આપ્યો.

સપ્ટેમ્બર ૪ને રવિવારે કેવડાત્રીજ હોવાથી ઘણીબધી બહેનાએ પૂજાવિધિમાં ભાગ લઇને તેમના ભરથારનું લાંબુ અને તંદુરસ્ત જીવન માટે પ્રાર્થના કરવામાં આવી.

સપ્ટેમ્બર ૫ થી ૧૫ સુધી ગણેશોત્સવનું આયોજન થયું. જેમાં દરરોજ જુદા જુદા વ્યંજનોથી જુદા જુદા યજમાનો દ્વારા અભિષેક કરવામાં આવ્યો અને છેલ્લે દિવસે ડેસપ્લેઇન્સ રીવરમાં ગણેશ વિસર્જન કર્યું.

સપ્ટેમબર ૨૨ને ગુરૂવારે ૬:૩૦ થી ૮:૩૦ દરમ્યાન ૧૨૬ વ્યક્તિઓને ફ્રી ફલુ શોટ આપવામાં આવ્યા. જયારે બીજા દિવસોમાં ૯૬ અને ત્રીજા દિવસોમાં ૨૬ જેટલી વ્યકિતઓને ફલુ શોટ આપતા માનવસેવાનું મહત્વનું કાર્ય હાથ ધરવામાં આવ્યું.

સપ્ટેમ્બર ૨૫ને રવિવારે સર્વ પિતૃ તર્પણની વિધિ રાખવામાં આવી જેમાં ઘણા બધા યજમાનોએ ભાગ લઇ તેમના પૂર્વજોને તર્પણ વિધિ કરી શાંતતા આપી.

ઓકટોબર ૧ થી ૧૦ માતાજીના નવલા નવરાત્રિ દરમ્યાન માતાજીની પૂજા સાથે જવારાનું સ્થાપન કરવામાં આવ્યુ. દરરોજ રાત્રે ૮ થી ૧૦ મંદિરના બેસમેન્ટમાં ગરબા-રાસનું આયોજન થયું. જયારે આઠમને દિવસે માતાજીનો હવન કરતાં ૭ જેટલા યજમાનોએ પૂજાનો લાભ લઇ આહૂતિ આપી.

ઓકટોબર ૧૪ને શુક્રવારે રાત્રે હાર્પર કોલેજમાં ભારતથી આવેલ પાર્થ ઓઝાની પાર્ટીએ ગરબાની રમઝટ લગભગ ૫:૩૦ થી ૬ કલાક સુધી અસંખ્ય ઘેલૈયાઓએ માણી. જયારે મંદિર તરફથી મનગમતા ગરમ નાસ્તાની વ્યવસ્થા નજીવી કિંમતે કરતા સૌએ રસાસ્વાદ માંણ્યો. અને ઘણા બધાએ બુથ સ્પોન્સર કરી તેમની સેવાઓ મંદિરના લાભાર્થે આપી.

ઓકટોબર ૨૮ને શુક્રવારે ધનતેરસ હોવાથી સાંજના ધન પૂજાનું આયોજન થતાં ઘણા બધા યજમાનોએ ધન પૂજાનો લાભ લીધો.
ઓકટોબર ૨૯ને શનીવારે કાળી ચૌદસ હોવાથી હનુમાનજીની પૂજા બાદ સમુહ સુંદરકાંડ પાઠ કરવામાં આવ્યા.

ઓકટોબર ૩૦ને રવિવારે દિવાળી હોવાથી ચોપડા પૂજનનું આયોજન થયું જેમાં જરૂરીયાતવાળા યજમાનોએ પૂજન કર્યું. બાળકો માટે સુંદર ફટાકડાની વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો.

ઓકટોબર ૩૧ને સોમવારે નૂતન વર્ષ ૨૦૭૪ નિમિત્તે સવારે ૬ વાગતાં મંદિરમાં મંગળા આરતીના દર્શન ઘણા બધા ભકતોએ કર્યા. ૧૧ વાગતાં મહાપૂજા કરવામાં આવી. ૧૨ વાગતાં અન્નકૂટની પૂજા અને આરતી કરવામાં આવી. આખોય દિવસ અસંખ્ય ભકતોએ દર્શનનો લાભ લીધો અને મંદિરમાં બિરાજમાન સર્વ દેવોના દર્શન કરી ધન્યતા અનુભવી. મંદિર તરફથી નવા વર્ષનું કેલેન્ડરનું વિતરણ પણ કરવામાં આવ્યુ.

નવેમ્બર ૭ને સોમવારે પૂ. જલારામબાપાની ૨૧૭મી જન્મ જયંતિ નિમીત્તે સવારે પૂજા કરવામાં આવી અને સાંજના સમયે ભજન સત્સંગ કરી સર્વે ભકતો પ્રસાદ લઇ છૂટા પડયા.

નવેમ્બર ૧૨ને શનિવારે જલારામબાપાની પાદુકા પૂજન, ધ્વજ પૂજન, કળશ પૂજન તથા ઘુંમટ પૂજન ૧૧ યજમાનો દ્વારા ઘણા બધા ભકતોની હાજરીમાં કરવામાં આવ્યુ. સાંજના સમયે મંદિરના જ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને ત્યારબાદ ભજન સંધ્યાનું આયોજન થયું.

નવેમ્બર ૧૮ને શુક્રવારે સાંજના સમયે તુલસી વિવાહ નિમિત્તે મહેંદીમાં ૩૦ જેટલી બહેનાએ ભાગ લીધો અને ગરબામાં પણ ઘણા ભકતો જોડાયા. રાત્રી બેઠકમાં સૌએ ગરમ ગરમ નાસ્તા તથા ચા પાણી વિગેરેનો લાભ લીધો.

નવેમ્બર ૧૯ને શનિવારે વરપક્ષ, કન્યાપક્ષ અને મોસાળપક્ષ સાથે અનેક ભકતોની હાજરીમાં તુલસી વિવાહનું ભવ્ય આયોજન થતાં સૌએ લગ્નગીતો સાથે લગ્નનો આનંદ વાતાવરણ ઠંડુ હોવા છતાં પણ મેળવ્યો અને મહાપ્રસાદ લઇ વિખરાયા. આમ આપણા મંદિરનો અંગ્રેજી વર્ષનો છેલ્લો પ્રોગ્રામ ઘણી જ ધામધૂમથી ઉજવાયો.

આ દરેક પ્રસંગોએ કીચન કમીટીએ મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરી જયારે સ્વયંસેવક ભાઇ-બહેનોની સેવા પણ ભૂલાય તેવી ન હતી.

આપ સૌ ભકતોએ આ બધા પ્રસંગોમાં જોડાઇને અનેરો લાભ લીધો એવી જ રીતે આગામી પ્રસંગોમાં જોડાવવા સૌને મંદિર તરફથી નમ્ર વિનંતી.

**જય જલારામ**

## <u>વિચાર રત્ન-કણિકા</u>

## <u>શ્રી વિષ્ણુજીની વ્યાપકતા (ભાગ ૨)</u>

**સંકલન: રજનીકાંત મોદી**

શાન્તાકારં, ભુજગ શયનં, પદ્મનાભં સુરેશં, વિશ્વાધાર, ગગન સદ્દશં, મેધવર્ણં શુભાંગમ્ ।
લક્ષ્મીકાંતં, કમલ નયનં, યોગિભિર્ધ્યાન ગમ્યં, વંદે વિષ્ણુ ભવ ભયહરં, સર્વ લોકૈક નાથમ્ ॥

ભગવાન વિષ્ણુજીને ગગન સદ્દશ કહેવામાં આવ્યા છે. આ વિશેષણ એમની વ્યાપકતા દર્શાવે છે. એક પ્રસિધ્ધ કથા છે કે - દાનવરાજ બલિએ પોતાના ગુરૂ શુકાચાર્યના મંત્ર અને પોતાની શકિતથી ત્રણેય લોક ઉપર વિજય મેળવ્યો હતો. પોતાની કઠોર તપશ્ચર્યાથી ઈન્દ્રને

પણ પરાજિત કરીને ત્રણેય લોકામાં પોતાનું પ્રભુત્વ સ્થાપિત કર્યુ. સાથોસાથ અશ્વમેઘ યજ્ઞ પણ કર્યો.

બધા જ દેવતાઓ દાનવરાજથી ત્રાસી ગયા હતા. તેઓ ભગવાન વિષ્ણુ પાસે રક્ષા માંગવા ગયા. તેથી કરીને વિષ્ણુ ભગવાને વામન સ્વરૂપ ધારણ કરી બલિરાજા પાસે દાન માંગવા ગયા. અને ફકત ત્રણ પગલાની ભૂમિ માંગી. બલિરાજાના ગુરૂ શુક્રચાર્યજી આ પરિસ્થિતિને પામી ગયા હોવાથી દાનવીર બલિરાજાને અસ્વીકાર કરવાનું જણાવ્યુ. પરંતુ દાનવી બલિરાજા પોતાને આંગણે આવેલ કોઇપણ યાચકને કયારેય નિરાશ કરતા જ નહી. અને તેથી જ તેમણે ત્રણ પગલા ભૂમિનું દાન કરવાનું સ્વીકાર્યુ. વામનજીએ તુરત જ પોતાનુ ત્રિવિક્રમરૂપ ધારણ કર્યુ. અને એક પગલામાં સમગ્ર પૃથ્વી, બીજા પગલામાં સ્વર્ગ માંગી લીધુ. અને ત્રીજા પગલા માટે કોઇ સ્થાન ન રહેવાથી બલિરાજાએ પોતાનું મસ્તક ધર્યુ. ત્યાં જ વામનજીએ બલિરાજાને પાતાળ લોકમાં મોકલી ત્યાંના રાજવી બનાવી દેવતાઓને સ્વર્ગ પાછુ મેળવી આપ્યુ.

આથી જ ભગવાન વિષ્ણુજીને 'ઉરૂગાય' એટલે કે વિરાટ ડગ ભરનાર તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમનું તૃતિય ચરણ સૌથી ઉંચા સ્થાનની સમાન છે. તેમને ત્રિવિક્રમ-ત્રિકમ પણ કહે છે. વિષ્ણુજી અગ્નિના ઉચ્ચતમ સ્થાનનું રક્ષણ કરે છે. અને વિષ્ણુજીના સ્થાન પર અગ્નિ રહસ્યાત્મક ગાયોની રક્ષા કરે છે.

વિષ્ણુજી દુધ જેવા સફેદ ક્ષીર સાગરના વિશાળ જલ પર શાંતિથી સૂતા હોય છે. એનો એક અર્થ એ પણ થાય છે કે સાગર જેવા સંસારની વચ્ચે મનુષ્યે શાંત અને સ્થિર રહેવાની કળા શીખવી જોઇએ. સાગરમાં મોજા ઉછળે અને પાછા પછડાય, પરંતુ એથી સાગરમાં કોઇ ફરક પડતો નથી. એજ રીતે મનુષ્યના જીવનમાં સુખ અને દુઃખ આવે પરંતુ એણે ઉધ્વિગ બન્યા વિના સમતા પૂર્વક જીવન જીવવું જોઇએ.

વિષ્ણુજીએ અસૂરોના સંહાર કાજે યુધ્ધો પણ ખોયા છે. જેથી એ દેવ સાહસ અને પરાક્રમ કરનાર દેવ પણ છે જ. પારસી ધર્મના ''અવેસ્તા'' ગ્રંથમાં પણ વિષ્ણુજીના ત્રણ પગલાનું નિરૂપણ મળે છે. ભગવાન વિષ્ણુજીના નાભીકમળમાંથી બ્રહ્માજીની ઉત્પત્તિ થઇ. અને બ્રહ્માજીએ સૃષ્ટિનું સર્જન કર્યુ. પરંતુ એ સર્જનની શકિત એમણે વિષ્ણુજી પાસેથી મેળવી હતી. અને તે માટે તેમણે તપશ્ચર્યા કરવી પડી હતી. વિષ્ણુજીના ચર્તુભુજ સ્વરૂપમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારીથી તેમની ઓળખાણ દર્શાવી શકાય છે. ચાર આશ્રમ, ચાર વર્ણ અને ચાર પુરૂષાર્થનું પ્રતિક જણાય છે. પાંચજન્ય શંખ એ પાંચજન્ય નામના દાનવનો સંહાર કરી તેની પાસેથી મેળવ્યો હતો. સુદર્શન ચક્ર એ સૂર્યના કિરણોમાંથી વિશ્વકર્માએ બનાવેલુ. અને તે હાથની આંગળી પર ઘુમાવીને શત્રુનો નાશ કરવામાં આવતો. દુષ્ટોનો નાશ કરતુ આ ચક્ર અગાઉથી અનિષ્ટનો સંકેત આપે છે.

ચર્તુભુજ સ્વરૂપમાં શંખને ચાર વર્ણની દૃષ્ટિએ બ્રાહ્મણ વર્ણનું ઘાતક ગણવામાં આવે છે. જયારે ચક્ર ક્ષત્રિયનું પ્રતિક છે. જેમ સમગ્ર રાજયની ધૂરા ક્ષત્રિય સંભાળે તેમ ચક્ર સહુનુ રક્ષણ

કરવા બધે ફરી વળી શત્રુઓના નાશ કરે છે એમ સંસ્કૃતિ નાશ કરનારાઓ ઉપર પણ ફરી વળે છે. તેવો એક સંકેત આમાંથી મળે છે. વિષ્ણુજીનું ત્રીજુ આયુધ એ કૌમાદકી ગદા છે. એને વૈશ્ય વર્ગ સાથે જોડી શકાય. અને પદ્મને શુદ્ર વર્ગની સેવા દૃષ્ટિ સાથે જોડી શકાય. વિષ્ણુજીના હાથમાંનું કમળ વ્યક્તિએ સંસારમાં સન્યાસીની માફક જળકમળવત રહેવું જોઇએ એવુ દર્શાવે છે. અને આ પ્રકારનું જીવન હોય તો જ તે વ્યક્તિ પ્રભુને સમર્પિત થઇ શકે છે. વિષ્ણજીનું વાહન ગરૂડ છે. જયારે તેમના સારથી દારૂક છે. તેમના રથને જોડાયેલા અશ્વોના નામ શૈલ્ય, સુગ્રીવ, મેઘ ધનુષ્ય અને બલાહક છે. વેદમાં લાંબા વિશાળ પગલાથી સમસ્ત વિશ્વને વ્યાપી જનાર સૂર્ય રૂપે વિષ્ણુજીનું સ્વરૂપ નિર્ધારિત કરાયુ છે. વૈદિક કાળ પછી સ્વીકૃત વિષ્ણુજીનું સ્વરૂપ જોતાં તેમના હાથમાં રહેલ શંખ, ચક્ર, ગદા અને પદ્મ સૂર્ય સમાન છે. તેમનું વાહન ગરૂડ છે તેથી તેમને ગુરૂત્મત્ નામથી પણ ઓળખી શકાય. વૃક્ષઃસ્થલ પરનો કૌસ્તુભમણિ, હાથમાં રહેલ પદ્મ, પીતાંબર વગેરે બાબતો તેમના સૌરરૂપને સૂચવે છે. વિષ્ણુજીએ પોતાના ૯૦ અશ્વોને તેના ચાર નામો સાથે એક પ્રડાની જેમ ગતિશીલ કર્યા આનો અર્થ ૩૬૦ દિવસના સૌર વર્ષનો જ હોઇ શકે.

વિષ્ણુજીની ઉપાસનાના ત્રણ સ્તોત્ર જોવા મળે છે. મહાભારતમાં અને તે પછીના કાળમાં પ્રચલિત વિષ્ણુજીની ઉપાસનામાં વૈદિક વિષ્ણુજીની સાથે વાસુદેવ કૃષ્ણ અને નારાયણના સ્વરૂપને પણ સંમ્મિલિત કરાયું છે. પાણિનિના સમયમાં વાસુદેવની ઉપાસના કરાતી હોવાના નિર્દેશો મહાભારતમાં મળે છે. મહાભારતના શાંતિ પર્વમાં નારાયણિય ઉપાખ્યાન દ્વારા નારાયણ ઉપાસનાની જાણકારી મળે છે. તદ્ અનુસાર સૃષ્ટિના પરમાત્મા તે નારાયણ. જેમણે સૌ પ્રથમ નારદજીને ઉપદેશ આપ્યો. આ કથન નારદજીએ હરિગીતા રૂપે જનમેજયને અને પાછળથી ભગવદ્ગીતા રૂપે શ્રી કૃષ્ણજીએ અર્જુનને કહ્યુ હતું. પૌરાણિક કાળમાં વિષ્ણુજી સત્વગુણ પ્રધાન દેવ મનાયા હોવાથી જગતનું સંચાલન અને પાલન કરનાર દેવ છે.

દેવી ભાગવતમાં જણાવ્યા મુજબ, પ્રલયકાળ દરમ્યાન વડના પાંદળા ઉપર બાલમુકુંદ રૂપે વિષ્ણુજી શયન કરે છે. તેમને જયારે પોતાના ઉદ્ભવ તથા પોતાના કર્તવ્ય વિશે પ્રશ્ન થયો ત્યારે સર્વ સ્વરૂપને સાશ્વતકાલીન એવા મહાદેવીએ ત્યાં પ્રગટ થઇ એમને જણાવ્યું કે પરમેશ્વરના તેજથી વિષ્ણુજીનો ઉદ્ભવ થયો છે. પરમેશ્વર જોકે નિર્ગુણ છે, પરંતુ સગુણ એવા વિષ્ણુજીમાં સત્વગુણ આગળ પડતો રહેલો હોય છે. રજોગુણ પ્રધાન બ્રહ્માની સર્જન શકિત વિષ્ણુજીને આધારે રહેલી છે. આ બધુ સાંભળીને વિષ્ણુજી ધ્યાનમગ્ન થયા અને યોગનિંદ્રામાં પોઢી ગયા.

વિષ્ણુજીના વિવિધ ગુણોને આધારે તેમને વિવિધ નામ પ્રાપ્ત થયા છે. જે વિષ્ણુસહસ્ત્રનામમાં તેમને એક હજાર નામે નિરૂપાયા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા, વિષ્ણુ સહસ્ત્રનામ, અનુગીતા, ભીષ્મ સ્તવરાજ અને ગજેન્દ્ર મોક્ષ એ પાંચ રચનાઓ પંચરત્ન તરીકે જાણીતી છે. વિષ્ણુજીના ભકતો આ પંચરત્ન પાઠમાં ખૂબ જ શ્રધ્ધા ધરાવે છે.

છેલ્લે વિષ્ણુનો સૌથી મોટો અર્થ એ થાય છે કે વિશ્વના દરેક અણુમાં પ્રસરાયેલ એ જ વિષ્ણુ.

# માતૃદેવો ભવ પિતૃદેવો ભવ

**સંકલનઃ ડૉ. મગનભાઇ પટેલ**

આ ઉપરનું સૂત્ર માતા-પિતા પ્રત્યેના પ્રેમ ભાવની યાદ કરાવે તેવું વિરલ છે. ઋષિના બોધ વચનોમાં માતૃદેવો ભવ એમ કહ્યું છે. બાળકોનો સાચો અને કલ્યાણકારી ગુરુ જો કોઇ હોય તો તે માતા છે. મનુ ભગવાને મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે 'તુલના ન થઇ શકે તેવા શ્રેષ્ઠતમ ગુરુ તરીકે માતા જ છે.' પરિવારમાં માતા-પિતાની છત્ર છાયાથી ભાવિ પેઢિનો ઉમદા વિકાસ થાય છે. માતાના અંતરમના આશીર્વાદથી સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. વ્યકિત લાખો રૂપિયા/ડૉલર કમાતો હોય પણ માતા-પિતા તરફથી તેને સ્નેહભાવ કે વહાલપણ ન મળે તો તેનું પતન અવશ્ય થાય છે. માતા-પિતાનો સંસ્કાર વારસાનો ખજાનો જે ભાગ્યશાળી હોય તેને જ મળે છે. તેથી તેઓ આ પૃથ્વી પર હયાત હોય ત્યાં સુધી તેમની સાર-સંભાળ, સેવા અચૂક કરવી જોઇએ. જે માતા-પિતાની સેવા કરે છે તેના પર જ પરમકૃપાળુ પરમાત્મા રાજી થાય છે.

સાંપ્રત સમયમાં પણ શ્રવણ બનીને માતા-પિતાની સેવા કરવી જોઇએ. તેમને વિવિધ તીર્થોની યાત્રા કરાવવી જોઇએ. માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ એ સનાતન સત્ય છે, એ હકીકત હંમેશા યાદ રાખવી જોઇએ. અનેક ચિંતકો તેથી કહે છે કે 'ધન સંપતિ ખરચતાં મળશે બધુ, માતા-પિતા મળશે નહિં.' પ્રેમથી હાથ ફેરવીને 'બેટા' કહેનાર માતાનો ઉપકાર કયારેય ભૂલશો નહિં. સંસારમાંથી માતા-પિતા ગયા પછીથી આંસુ સારવાથી પ્રેમ કે સ્નેહ મળશે નહિં.

આપણા ધર્મગ્રંથોમાં પણ માતા-પિતાના માહત્મ્ય વિશે ઠેકઠેકાણે પ્રેરણાદાયી વર્ણન થયેલું છે. ઋગવેદમાં કહ્યું છે કે, 'આપત્તિમાં મિત્રની, યુદ્ધમાં વીરતાની, ઋણમાં પવિત્રતાની, નિર્ધનતામાં માતા-પિતા તેમજ પત્નીની અને સંકટમાં સગાઓની સાચી ઓળખ થાય છે.'

વાલ્મીકિ રામાયણના અયોધ્યાકાંડ - ૧૧૧ / ૯, ૧૦ માં વર્ણન છે કે 'પોતાની શકિત મુજબ ઉત્તમ ખાદ્ય પદાર્થ દેનાર, સારા બિછાના પર સુવાડનાર, હંમેશા પ્રિય બોલનાર, લાલન-પાલન કરનાર તેમજ સદા સ્નેહપૂર્વક વ્યવહાર કરનાર માતા-પિતા પ્રત્યે જે પુત્ર ઉપકાર કરે છે તેનો બદલો સરળતાથી ચૂકવી શકાતો નથી. શ્રી રામ પ્રભુને વનવાસ થયો ત્યારે પ્રથમ તેઓ માતા કૈકેયીને વંદન કરીને આશીર્વાદ લેવા ગયા. રામે કહ્યું ભરતને ગાદી આપો તેનો વાંધો નથી પરંતુ મને વનમાં શા માટે મોકલો છો? આવી સમજણ ધરાવનાર શ્રી રામ મહાપ્રભુ હતા. તેઓ ખૂબ લોકપ્રીય છે તેનું મુખ્ય કારણ તેમની અજોડ માતૃ-પિતૃ ભકિત જ ગણી શકાય.

પ્રાચીન સમયના ઋષિ મુનિઓ બાળકોને સમજાવે છે કે, 'તુ માતાને દેવ માન, દેવ માનીને માતાનું પૂજન કર.' માતાની આશાઓ પૂરી કરવી તે બાળકોની ફરજ છે. ધન-સંપતિ પણ માતાના આશીર્વાદથી જ સંતાનોને મળે છે. માને કોઇપણ પ્રકારના દુઃખ કે ચિંતાથી વ્યથિત હોય તો તે જોવાની, સમજવાની અને દૂર કરવાની ફરજ પ્રત્યેક સંતાનની છે.

મહાભારતના શાંતિપર્વ અધ્યાય ૨૬૬ શ્લોક ૨૯માં કહ્યું છે કે 'પુત્ર અસમર્થ હોય કે સમર્થ હોય અથવા હૃષ્ટ-પૃષ્ટ હોય માતા જ તેનું પાલન કરે છે. માતા સિવાય બીજુ કોઇ વિવિધપૂર્વક સંતાનનું પાલન પોષણ કરી શકતું નથી. બીજા એક શ્લોકમાં જણાવ્યું છે કે 'केन चिन्न च वृतेन हयवक्षेयो गुरुभवते, न च माता न च पिता मन्यते यादृशो गुरुः.' - મહાભારત શાંતિપર્વ અધ્યાય ૧૦૮ શ્લોક ૨૮.

અર્થાત્, કોઇપણ પ્રકારના વ્યવહારના કારણથી ગુરુ અપમાન માટે યોગ્ય નથી ગણાતા, જેવી રીતે માનવીય ગુરુ છે, તેવી જ રીતે માતા-પિતા પણ છે. અન્ય શ્લોકોમાં જણાવ્યુ છે કે, માતાનું ગૌરવ પૃથ્વીથી પણ અધિક છે. પિતા આકાશથી પણ ઉંચા છે. માતા સમાન કોઇ છાયા નથી, માતાની તુલ્ય કોઇ સહારો નથી, માતાની જેમ કોઇ રક્ષક નથી તથા માતા સમાન કોઇ પ્રિય વસ્તુ નથી.

સંસ્કૃત ભાષાના પ્રખર વિદ્વાનો તથા અન્ય ચિંતકોએ પણ માતા-પિતાના ગૌરવ સંબંધી સુંદર વિચારો વ્યકત કર્યા છે. કવિ ભાસે પ્રતિમા નાટક ૩/૧૨માં કહ્યું છે કે 'પુત્રને માટે માતાઓનો હસ્ત-સપર્શ પ્યાસને  માટે જલધારાની સમાન છે.' નરસિંહ પુરાણ ૧૩/૪૫-૪૯માં દર્શાવ્યુ કે, હે બ્રહ્મન્! જેની માતા અત્યંત દુઃખમાં પડી હોય તે વ્યર્થ જ જીવન ધારણ કરે છે. જો પુત્ર માતા ઉપર દયા કરીને ભકિતપૂર્વક નિરંતર તેની રક્ષા કરે છે, તેનું કરેલુ સર્વ કર્મ આલોક તેમજ પરલોકમાં પણ માનનીય તથા નમસ્કાર કરવા યોગ્ય છે.'

માતાનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે. મા બાળકની સર્જનહાર છે. પોતાના લોહીથી તથા જનમ્યા પછીથી પણ દૂધથી બાળકનું પોષણ કરે છે, ઉછેરે છે. બાળકનો સર્વાંગી વિકાસ થાય તેની માતાને સતત ચિંતા રહ્યા કરે છે. તેનું સ્વાસ્થ્ય સચવાય તે માટે પણ મા સઘળા પ્રયત્નો કરે છે.

મહાભારતમાં એક પ્રસંગ છે કે, પાંડવોમાં કુંતા માતાના મૌન ભાવ જોઇને મા દુઃખમાં છે તે ભીમ જાણી લેતો. ભીમ સુજ્ઞ હતો. એકચક્રી નગરમાં બ્રાહ્મણને ત્યાં એક દિવસ કુંતા માતાને પગે લાગતાં ભીમે માતાના મુખ પર ચિંતા નીહાળી. તેને ખ્યાલ આવી ગયો કે આ નગરમાં બકાસુર રાક્ષસનો ભારે ત્રાસ છે. લોકો તેનાથી કંટાળી ગયા છે. ભીમ ક્ષત્રિય હતો. ભારે હિંમતવાળો અને શકિતશાળી હતો. માની ચિંતાથી તે સજાગ થઇ ગયો. પોતે બકાસુર પાસે જવા તૈયાર થયો. માતા ખુશ થયા અને આશીર્વાદ આપી ભીમને બકાસુર પાસે મોકલ્યો. ભીમ વિજયી બનીને પાછો આવ્યો. જે માતાને આવા સુજ્ઞ પુત્ર હોય તે માતા કયારેય દુઃખી થાય ખરી! શંકરાચાર્ય દેવ્યપરાધક્ષમાપન સ્તોત્ર ૨માં જણાવે છે કે 'कुपुत्रे जायते क्वचिदापि कुमाता न भवत', અર્થાત્, કયાંય કુપુત્ર તો જન્મ લઇ શકે છે પરંતુ માતા કયારેય કુમાતા હોતી નથી.

રવિન્દ્રનાથ ઠાકુર ગીતાંજલી ૯૫માં વર્ણન કરે છે કે, 'रुपहीन ज्ञानातीत भीषण शक्ति ' धारे छे आभार काछे जननी मुरति'' ' એટલે કે 'રુપહીન, જ્ઞાનાતીત, ભીષણ શકિત એ જ મારે માટે એ માતૃસ્વરૂપ ધારણ કરેલ છે.'

**'All that I am or hope to be, I owe to my angel mother.' - Abraham Lincoln** અર્થાત, 'હું જે કાંઇ છું અથવા બનવાની ઇચ્છા કરું છું તેનું શ્રેય મારી દિવ્ય માતાનું છે.'

વિલિયમ રોસ વાલેસ કહે છે કે, 'પાલન કરવું, પોષણ કરવું, ઝુલાવવાનો હાથ તે હોય છે, જે જગત પર શાસન કરે છે.' ભગિની નિવેદિતાએ લંડનમાં ૨૨ ઓકટોબર, ૧૯૯૦માં ભાષણ આપતા કહેલું કે, **'Motherhood is ideal relation to the world.'** એટલે કે 'વિશ્વમાં માતૃત્વ આર્દ સંબંધ છે.' આ જગતમાં માનો મહિમા ગજબનો ગણાય છે. એક કવિએ આ સંદર્ભમાં પ્રેરણાદાયી વાત કરી છે. તેઓ કહે છે કે 'બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર, પણ ભગતનું ઢાંકણ ભૂદરો, ઇ તો ઉતારે ભવપાર.' આપણે હંમેશા યાદ રાખવુ કે માણસનું શરીર ઇશ્વરનું મંદિર છે. એક ચિંતકે માતાનું સુંદર અર્થઘટન કર્યું છે. તેઓ કહે છે કે 'માતાજીમાં મા-માયાથી પર, તા-તારણહાર, જી-જીવનનો ઉદ્ધાર

કરનાર. માતા બાળકને જન્મ આપી અનેક કષ્ટ વેઠે છે. માટે સંતાનોએ કયારેય માને દુઃખ થાય તેવુ વર્તન કરવું નહિં. ગમે તેવી આપત્તિ આવી પડે પરંતુ મા દીકરાના હીતમાં જ હંમેશા વિચારે છે, તેથી તો કહેવાય છે કે 'મા એ મા, બીજા બધા વગડાના વા.'

દીકરો દૂર દેશમાં કે દૂરના ગામે નોકરી કરવા અથવા ભણવા ગયો હોય તો પણ માને દીકરાની સતત ચિંતા રહ્યા કરે છે. છોકરો શું ખાતો હશે? શું પીતો હશે? દીકરાને ગમતુ હશે કે નહિં? વગેરે જાત જાતની ચિંતાઓ સતત રહ્યા કરે છે. જયારે પુત્ર પાછો આવે ત્યારે શાંતિ વળે છે. કલકત્તાનો એક પ્રસંગ નોંધપાત્ર છે. મા, દીકરો ઘેર આવશે તેની સતત રાહ જોઇ રહી છે પરંતુ દીકરો ત્યાં માંદો પડયો અને તે ગુજરી ગયો. મા દીકરાની રાહ જોઇને કંટાળી ગઇ તે મુંબઇ આવી ગાડીના ડબ્બે ડબ્બાએ દીકરાને બોલાવતી રહે ત્યારે કોઇકે કહ્યું કે હું કલકત્તાથી આવું છું. તમારો દીકરો બિમાર થયેલો અને પછીથી પ્રભુને પ્યારો થઇ ગયો. આ દુઃખદ સમાચાર સાંભળી આઘાતથી મા પણ ગુજરી ગઇ. આ તે કેવો કરુણ અને દુઃખદ પ્રસંગ. આમાં માની પોતાના સંતાન પ્રત્યેના અનહદ પ્રેમની પરાકાષ્ટા જોવી રહી.

પૂ. જલારામબાપાના જીવન વૃતાંત તરફ દૃષ્ટિ કરીએ તો ખ્યાલ આવશે કે તેમની ઇચ્છા લગ્ન કરવાની ન હોવા છતાં પણ વડીલો સમક્ષ લાચાર થઇને વિરબાઇ સાથે લગ્ન કરવું પડયું. જલારામને સંસાર ખારો લાગતો. મન પ્રભુના ભજનમાં જ વ્યસ્ત રહેવા લાગ્યુ. સાધુજનોની પ્રેમથી સેવા કરે, ભૂખ્યાને ભોજન આપે. ધણી-ધણીયાણી ખૂબ જ મજૂરી કરે. ભોજલરામજી જેવા સમર્થ ગુરુ મળ્યા તેથી તેમનાં દુઃખ ટળ્યા ખરા પરંતુ ભગવાને કસોટી કરી તેથી પુનઃ કપરો કાળ આવ્યો તે સમયે દાણા ખૂટી ગયાં. વિરબાઇએ ઘરેણાં વેચીને પણ અન્નક્ષેત્ર ચાલુ રાખ્યુ. તકલીફ વેઠીને પણ સંતોને જમાડવાનું ચાલુ રાખ્યુ. પરિસ્થિતિ સાનુકુળ થવા લાગી. પરીક્ષા કરવા માટે બ્રાહ્મણ વેશ પરિધાન કરી સ્વયં રામ મહાપ્રભુ પધાર્યા. આકરી કસોટી કરીને વિરબાઇને લઇને જંગલમાં પહોંચ્યા. પ્રભુ જંગલમાં ગયા અને પાછા ન આવ્યા પરંતુ આકાશવાણી થઇ અને ઝોળી અને દંડો લઇને વિરબાઇને ઘેર જવાની આજ્ઞા કરી. ઝોળી, દંડાની ભાવથી સેવા પૂજા કરવાનું જણાવ્યુ.

જલારામનું માન સમાજમાં વધ્યુ. રાજા, ધનપતિઓ વગેરે તેમને ચરણે પડે તે જલાને બિલકુલ ગમતું નહિં. શ્રી રામ પ્રભુની કૃપાથી જલારામે મરેલા પંખીઓને જીવતા કર્યા. ટહેલ કરનાર ગોવિંદને જીવતો કર્યો. આવા અનેક પરચાઓ પૂરીને પ્રજાજનોનાં દુઃખો અગાઉ તેમજ આજે પણ નિવારે છે.

શિકાગોમાં આવેલા આપણા શ્રી જલારામ મંદિરમાં આપ સૌ પધારી પૂ. બાપાના દર્શન કરી કૃતાર્થ થાઓ છો તે જ બાપા પ્રત્યેની શ્રધ્ધાનું પ્રતિક છે.

# Hinduism

Hinduism is considered to be the oldest "living" religion in the world, since it began at least four thousand years ago and people still follow it today. What we call Hinduism is a huge collection of belief systems that have been influenced and changed over history. Unlike most other major religions, Hinduism has no single founder like Jesus or Mohammad or a central leader like the Pope—because of this, people worship in VERY different ways. Hinduism is the third largest religion in the world, with about 1 billion followers world-wide, most of whom live in India. Hinduism provided the

belief structure for all other South Asian religions that followed such as Buddhism, Sikhism, and Jainism. Just as Judaism provided the structure for Christianity and Islam.

Ancient writings teach the Hindu religion. The Vedas (holy books) are the most ancient Hindu holy books. For hundreds of year, the Veda teachings were never written down-they were only spoken or sang. The Upanishads are another collection of holy writings. The Upanishads were written down maybe 500 to 1000 years after the Vedas and contain most of the ideas about Hinduism and how to practice the religion.

Most Hindus believe in one supreme spirit called Brahman. Hindus believe God is all things in the world-not just a spirit in the sky. Brahman does not just exist; it IS existence. Brahman can be worshiped in many forms, such as other "gods" such as Vishnu, Shiva, Ganesh or Krishna, so many people think Hindus worship many gods, but actually all other gods represent Brahman in different forms. This is similar to Christianity. Christians worship Jesus, God, and the Holy Spirit. They call this the Trinity in Christianity—not three different gods, but three forms of the same God.

A major different from Abrahamic religions is the view of life and death. Most Hindus believe in reincarnation (rebirth of the soul)-the belief that when the body dies, the spirit is reincarnated (reborn) into a new form. The soul may be reborn in many different forms such as another human or an insect. What they are reborn as depends on their karma. Karma is the belief that everything that people do in life determines what will happen to them in the future. If a person follows the dharma, he or she can expect to be reincarnated into a higher form in their next life, or have good luck in the future. Dharma is a life path of truth, duty, religion and good behavior. If a person lives the dharma they will have good karma and be reincarnated into a higher form.

Another major part of Hinduism and life in South Asia is the caste system. The Indian caste system is an unfair way to organize society into classes of people. Everyone falls into one of 4 or 5 major castes. Later, major castes were divided into over 3,000 sub-castes. Different castes didn't marry, work together, or socialize. People were permanently locked into their caste. Castes were usually linked to a certain job. The Brahmins were the highest caste; they were priests and scholars. Kshatriayas were kings or warriors. Vaishyas were merchants, trader, or farmers. Shudras were peasants who worked the land. Another group of people existed who were looked at as being so low, they were outside the caste system—the Dalits or "untouchables". Hindus believed if there karma was good, they would move up in caste when they were reincarnated. Today, the caste system is illegal, but still followed in some places, especially rural areas.

The ultimate goal for Hindus is to end their reincarnation cycle and reach Moksha. Moksha is a "one-ness" with God. When Hindus are finally reborn as Brahmins, and if they live a life of perfection, they will finally end their birth, death, and rebirth cycle and become part of the spirit of Brahman (reaching Moksha). One way Hindus work toward spiritual Moksha is

through yoga. In Hinduism there are 5 types of yoga. Yoga is a combination of breathing exercises, physical postures, and meditation that try to discipline the mind. Today, yoga has become a form of physical and mental exercise around the world. All South Asian religions practice some form of yoga.

Water is the most important resource on our planet regardless of religion. However, to followers of Hinduism some water is sacred. The river Ganges in northern India is Hinduism's most holy river. Hindu's personify the Ganges River with the goddess Gaṅgā. They believe that bathing in the Ganges helps to wash away sin and move toward Moksha. When most Hindu's die, they cremate (burn) the body. Sometimes the ashes are put into the Ganges

## જલારામ કૃપા

(જગ્યાના અભાવે આપનો પરચો આ અંકમાં છાપી ન શકયા હોઈએ અથવા પરચાની ભાષામાં યોગ્ય લાગતો થોડો ફેરફાર કરવામાં આવેલ હોય તો ક્ષમા કરશો)

૧. પૂ. બાપા, આપની કૃપાથી અમારો પ્રસંગ ખૂબજ સારી રીતે પતી ગયો. મારી તબીયતની ચિંતા દૂર થઇ. મારા પરિવાર ઉપર આપની અસીમ કૃપા છે અને હંમેશા રાખજો. જયારે જયારે તમને યાદ કર્યા ત્યારે અમને હંમેશા સહાય કરી છે. આપના ચરણોમાં કોટી કોટી પ્રણામ.

૨. પ. પૂ. જલારામબાપાની કૃપાથી મારૂ ઇન્ડીયાનું કામ સારી રીતે પતી જાય તથા અહી મારી પૌત્રીનો લગ્ન પ્રસંગ સારી રીતે પતી જાય તે માટે મેં બાધા માની હતી તે સારી રીતે પતી ગઇ છે. આવી રીતે સૌના કામ પાર પાડે. આ પરચો છાપીને મને ઋણમુક્ત કરશો.

૩. જલારામબાપાની કૃપાથી મારી મનોકામના પૂર્ણ થઇ છે તેથી બાપાની માનતા માની હતી. મારી દીકરીને સીઝર આવતી હતી અને મને પણ વારંવાર ચક્કર આવે અને તબિયત સારી રહેતી નહોતી. આથી મેં બાપાની માનતા માની હતી કે મારી દીકરીને સીઝર આવતી બંધ થઇ જશે એટલે હું બાપાનો પરચો છપાવીશ અને યથાશક્તિ ભેટ મોકલીશ. દીકરીને સારૂ થઇ ગયુ છે અને મારી તબિયત પણ સારી થઇ ગઇ છે એટલે બાપાનો પરચો છપાવીને યથાશક્તિ ભેટ મોકલી છે તેનો સ્વીકાર કરશો અને મને ઋણમુક્ત કરશો.

૪. અમારા બધા કામ જલારામબાપાની કૃપાથી સિધ્ધ થયા છે માટે આ યથાશક્તિ ભેટ બાપાના ચરણોમાં મોકલી છે તે સ્વીકારશો.

૫. પૂ. જલારામબાપાના પરચા વાંચી પ્રેરણા થઇ. મારા માથામાં એક અઠવાડિયાથી ગાંઠ જેવુ થયુ હતુ. મેં જલારામબાપાની માનતા રાખી અને જયારે ડૉકટરને બતાવ્યુ તો તેમણે કહ્યું ખાલી સામાન્ય ફોલ્લી છે. મને ખૂબ ચિંતા થતી હતી પણ તે હવે મટી ગઇ છે. આ સાથે ફૂલની પાંખડી ભેટ સ્વરૂપે મોકલી છે તે સ્વીકારશો.

૬. મારી નાની દીકરી કેનેડા રહે છે તેને ઘણા વખતથી તબિયત સારી નહોતી રહેતી. બાપાની બાધા રાખી અને એક અઠવાડિયામાં તબિયત સારી થઇ ગઇ. મેં પૂ. બાપાની બાધા રાખી હતી કે ફૂલ નહી તો ફૂલની પાંખડી મોકલી પરચો છપાવીશ. બાપા સૌનું ભલુ કરે. આ પરચો છાપીને મને ઋણમુક્ત કરશો.

૭. મારા પતિને આંખની તકલીફ થઇ અને મારી પણ થોડી તકલીફો થઇ હતી. મારા દીકરા સાથે ક્રુઝમાં ગયા ત્યાં તેની બેગ નાના બાથરૂમમાં ભુલી ગયો. મેં બાપાને અને મા અંબાને હૃદયપૂર્વક પ્રાર્થના કરી કે તમે કૃપા કરશો તો હું આ બધી તકલીફોમાંથી મુકત થઇશ. બાપાની અસીમ કૃપા અને મા અંબાના આર્શીવાદથી મને આંખમાં સારૂ થવા લાગ્યુ અને મારો રીપોર્ટ સારો આવ્યો અને મારા દીકરાની બેગ પણ ૧ કલાકમાં જ મળી ગઇ હતી. મારી આંખમાં આંસુ આવી ગયા કે બાપા અને મા અંબા તમારી કૃપાથી બધુ સારૂ થઇ ગયુ. પરચો તો એક વસ્તુ છે પણ સાચી ભકિત અને ભગવાન પર શ્રધ્ધાનું આ પ્રતિક છે. અમારા કુટુંબ માટે તો આશીર્વાદ એક પડછાયાની જેમ સાથે જ રહ્યા છે. હે મારા બાપા, તમે સદાય આવી કૃપા કરતા રહેજો. મારી ભકિત અને શ્રધ્ધા કયારેય ઓછી ના થાય એવી કૃપા કરજો.

૮. જલારામબાપા, તમે અમારા ઉપર ઘણી જ કૃપા કરી છે અને અમારા ઘણા બધા કામ અવાર-નવાર કર્યા છે. મારી પૌત્રી બિમાર છે તો તેને વહેલી તકે સારી કરી દેશો તે મને શ્રધ્ધા છે તો આ પરચો છપાવી મને ઋણમુક્ત કરશો.

૯. પૂ. બાપા, પૂ. વિરબાઇમાતા અને પૂ. ભોજલરામબાપાને મારા અંતરથી કોટી કોટી વંદન કરૂ છુ. પૂ. બાપા ઉપર મને ખૂબ જ વિશ્વાસ છે. મારી દીકરીના લગ્ન કોઇ પણ વિઘ્ન વગર થઇ જાય તો હું તમારે મંદિરે દર્શન કરવા આવીશ અને શ્રીફળ વધેરીશ અને યથાશકિત ભેટ મૂકીશ. મારી દીકરીના લગ્ન વખતે મારી તેમજ મારા સસરાની તબિયત સારી રહે તે માટે પૂ. બાપાને વિનંતી કરી અને પૂ. બાપાએ મારી લાજ રાખી. મારૂ બધુ કાર્ય પૂ. બાપાએ પાર પાડયુ. પૂ. બાપાનો આ ઉપકાર કયારેય નહી ભૂલાય. પૂ. બાપા મને હરઘડી મદદ કરતા રહેલ છે.

૧૦. પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી પ્રણામ. પૂ. બાપા ઉપર અમને ખૂબ જ શ્રધ્ધા છે. મારા પતિને ઓપરેશન કરાવ્યુ હતુ પછી તેમાં થોડા કોમ્પ્લીકેશન થયા તેથી બાપાની માનતા માની હતી તેથી હવે ઘણુ સારૂ થઇ ગયુ છે. મેં પરચો છપાવવાની માનતા માની હતી. આ સાથે યથાશકિત ભેટ મોકલુ છુ તે સ્વીકારશો અને પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

11. With Bapa's blessings my daughter is doing well. She had pain in her legs for a long time and doctors were having a hard time figuring out the reason. She has gotten treatment after diagnosis and is feeling much better. Bapa, keep your blessings on my family and bless all with good health. Please accept the donations and include this in Bapa's Parcha in Darpan. I have always believed in his divine power and my experiences make my beliefs stronger.

૧૨. પૂ. સાંઇબાબા અને જલારામબાપાની અસીમ કૃપાથી ઘણી બધી વાર મારૂ કામ પાર થઇ ગયુ છે. મારા ઘરમાં રીમોડલનું કામ કરાવ્યુ હતુ પણ છેલ્લા ઘણા સમયથી ઇન્સ્પેકશન પાસ થતુ નહોતું. મેં પૂ. જલાબાપાના ગુરૂવાર કરવાના ચાલુ કર્યા અને બીજા જ ગુરૂવારે ઇન્સ્પેકશન પાસ થઇ ગયુ.

૧૩. મારો દીકરો સીપીએની એકઝામમાં સારી રીતે પાસ થઇ જાય અને બીજુ કે મને ઓપરેશન કરવાનુ હતુ તે કોઇ મુશ્કેલી વીના સારી રીતે પતી જાય તે માટે મેં પરચો છપાવવાની માનતા માની હતી. પૂ. બાપાની અસીમ કૃપાથી મારી માનેલી બન્ને માનતાઓ સારી રીતે પતી ગઇ છે. આ

સાથે યથાશકિત ભેટ મોકલુ છુ તે સ્વીકારશો અને માનતામાંથી મુક્ત કરશો. મને જયારે પણ કોઇ મુશ્કેલી નડી છે ત્યારે બાપાએ મને બધી જ વખતે મારી સાથે રહીને મદદ કરી છે. આવી તો મારી ઘણી બધી ઇચ્છાઓ પુરી કરી છે.

૧૪. પૂ. જલારામબાપા, તમારી અસીમ કૃપાથી મારા ઘૂંટણનો દુ:ખાવો ઓછો થઇ ગયો છે. મેં માનતા માની હતી તો આ સાથે મોકલેલ યથાશકિત ભેટ સ્વીકારશો અને મારા પરિવાર ઉપર સદા અસીમ કૃપા વરસાવજો એવી જલારામબાપાને મારી હૃદયની પ્રાર્થના.

૧૫. પૂ. બાપાને મારા કોટી કોટી પ્રણામ. મને પૂ. જલાબાપા પર ખૂબ જ શ્રધ્ધા છે. મારા ભાણાને કોલેજમાં એડમીશન માટે પ્રાબ્લેમ હતો. મેં બાપાની માનતા માની તો મારી પ્રાર્થના ફળી અને તેવી જ રીતે મારી એક બહુ જ અગત્યની વસ્તુ મળતી ન હતી તે બાપાને યાદ કરવાથી તુરત જ મળી ગઇ છે. આ પરચો છાપી મને ૠણમુક્ત કરશો.

૧૬. પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી મારી દીકરીને ત્યાં પુત્રનો જન્મ થયો તે બદલ બાપાને કોટી કોટી નમન અને બાપાના હંમેશા અમારા પરિવાર ઉપર કૃપા તેમજ આશીર્વાદ રહે તેવી શુભ પ્રાર્થના. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારશો અને પરચો છાપી મને ૠણમુક્ત કરશો.

૧૭. મારી મમ્મીને કોલન કેન્સર થયુ હતુ અને એમને ઇમરજન્સી સર્જરી કરવી પડે એવુ હતુ. પૂ. જલારામબાપાને હૃદયપૂર્વક પ્રાર્થના કરી અને એમના હાથમાં બધુ સોંપી દીધુ. પૂ. બાપાની કૃપાથી મારી મમ્મીની સર્જરી સારી રીતે પતી ગઇ અને એમને બીજા કોઇપણ કોમ્પ્લીકેશન આવ્યા નહી. મારી પ્રાર્થના સાંભળવા માટે બાપાને કોટી કોટી વંદન. પૂ. બાપા, અમારી બધી બિમારીઓ તથા તકલીફો આ જ રીતે દૂર કરતા રહો એવી હૃદયપૂર્વક પ્રાર્થના.

૧૮. મને ખૂબ જ શારીરીક તકલીફ હતી અને હું બહુ જ હેરાન થતી હતી તેમાંથી મને મુકતી મળી છે. જલારામબાપાની અસીમ કૃપા મને મળી છે.

૧૯. મને સાઇનસ ઇન્ફેકશન અને ખાંસી તેમજ પેટનો અને હાથનો દુ:ખાવો ખૂબ જ રહેતો હતો. ખાંસી ૧૫ થી ૨૦ દિવસ સુધી બંધ જ નહોતી થતી. આ બધી તકલીફથી ખૂબ જ કંટાળી ગઇ હતી કે તરત જ બાપાને યાદ કરી પરચો છપાવવાની માનતા માની. બાપાની કૃપાથી હવે ખૂબ જ રાહત છે. આવી જ રીતે અમારી સાથે રહેજો. બાપા, જેવી અમારી સહાયતા કરી એવી સૌની કરશો. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારશો અને પરચો છાપી મને ૠણમુક્ત કરશો.

૨૦. પૂ. જલારામબાપા તથા પૂ. માતાજી, તમારી કૃપાથી મારી માનતા માનેલી તે અડધી પૂરી થઇ છે અને બાકીની કૃપા કરી પૂરી કરશો. પરચો છપાવવાની માનતા માની હતી તે પૂરી કરશો. બાપા, અમારી સર્વે મનોકામનાઓ પૂરી કરશો એવી અંતરના ભાવથી પ્રાર્થના કરુ છુ.

૨૧. પૂ. બાપાને મારા લાખો વંદન અને કોટી કોટી પ્રણામ. મારા દીકરાની તબીયત બગડી હતી ને મને પણ તકલીફ હતી. આ વખતે મેં બાપાને યાદ કર્યા ને બાધા રાખી કે અમારા બન્નેની તબીયત સારી થઇ જશે તો પરચો છપાવીશ અને યથાશકિત ભેટ મોકલાવીશ. બાપાની કૃપાથી હવે ખૂબ જ રાહત રહે છે. હે જલા-સાંઇ, જેવી અમારી સહાયતા કરી એવી સૌની કરશો. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારશો અને પરચો છાપી મને ૠણમુક્ત કરશો.

૨૨. પૂ. જલારામબાપાને કોટી કોટી વંદન. પૂ. જલારામબાપાની કૃપાથી મારો મોટો દીકરો, જેની તબિયત ખરાબ હતી એને તબિયતમાં સારો સુધારો આવી ગયો. મારા નાના દીકરાએ નવુ ઘર ખરીદી લીધુ. બાપાની કૃપાથી ઘરમાં બધાની તબિયત સારી છે. મારો નાનો દીકરો ભારતમાં જઇ સહકુટુંબ કુશળ રીતે પરત અમેરિકામાં આવી ગયો છે. આમ અમારા કુટુંબ પર જલારામબાપાની કૃપા સદૈવ રહે છે. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તે સ્વીકારશો.

૨૩. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી વંદન. મારા દીકરાને થોડી કાનુની તકલીફ આવી પડી છે અને તેનાથી તેની કોલેજના અભ્યાસમાં થોડી તકલીફ આવે તેમ હતી. પૂ. બાપાને ખૂબ જ પ્રાર્થના કરવાથી અને તેમની કૃપાથી તે મોટી મુશ્કેલીમાંથી હાલ પુરતો બચી ગયો છે. પૂ. બાપાનો પરચો છપાવવાની અને યથાશક્તિ ભેટ મોકલવાની માનતા માની હતી તો આ સાથે તે પૂરી કરૂ છુ.

૨૪. પૂ. શ્રી જલાબાપાએ મારી ઉપર બહુ જ કૃપા કરી છે. હું ૨૧મી જાન્યુઆરીએ વડોદરા પહોચ્યો. મારો મિત્ર મને અમદાવાદ લેવા માટે આવ્યો હતો. અમો વડોદરા રાતના પહોચ્યા. હું અમેરીકામાં સવારથી સાંજ સુધી દારૂ પીતો હતો. મારા મિત્રને ત્યાં પહોચ્યા પછી તેણે જમવાનુ ગરમ કર્યુ. પહેલો કોળીયો ખાવા ગયો ત્યાં મને લોહીની ઉલટી થઇ. મેં સીન્કમાં પાણી ચાલુ કરી બધુ સાફ કરી નાખ્યુ તેથી કોઇને ખબર ના પડે. પછી સુઇ ગયો. સવારે ઉઠી ચા પીધી, બપોરે ખીચડી ને છાશ ખાધા. બપોરે ચાર વાગે ફરીથી લોહીની ઉલ્ટી થઇ. ફરીથી પણ મેં કોઇને કહ્યુ નહી છતાં મારા મિત્રને ખબર પડી કે મને લોહીની ઉલ્ટી થઇ છે. બીજે દિવસે નડીયાદ ગયા. પોષી પૂનમ હતી તેથી સંતરામ મંદિરમાં બોરા ઉછાળી ડૉકટર પાસે ગયા. તેમણે બધા ટેસ્ટ કર્યા. કહ્યુ કે એન્ડોસ્કોપી કરવી પડશે. વડોદરામાં એન્ડોસ્કોપી કરાવી. પૂ. બાપાની કૃપાથી મોતના કુવામાંથી બચી ગયો. પૂ. બાપાની કૃપાથી દારૂ અને સીગરેટ બંધ થઇ ગયા. પૂ. બાપાનો ઉપકાર જીવનભર ભૂલાય તેમ નથી. પૂ. બાપા, પૂ. સાંઇબાબા, પૂ. સંતરામ મહારાજને કોટી કોટી દંડવત પ્રણામ.

૨૫. પૂ. જલારામબાપા ઉપર મને બહુ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. મેં પરચો માન્યો હતો કે મારા પતિના બધા રીપોર્ટ નોર્મલ આવે. પૂ. બાપાની કૃપાથી રીર્પોટ નોર્મલ આવ્યા છે. આ ઉપરાંત મારી બહેનને ત્યાં પણ સારા સમાચાર આવે તેવી પ્રાર્થના કરી હતી તે પણ આવ્યા છે. મારા પપ્પાને પણ પગે સારૂ થઇ ગયુ છે. જલારામબાપા મારી બધી મુશ્કેલીઓમાં આવીને સહાય કરે છે તો એ જ પ્રાર્થના કે આવી જ શ્રધ્ધા અને વિશ્વાસ બનાવી રાખજો. આ પરચો સ્વીકારી મને ઋણમુક્ત કરશો.

૨૬. અમારા ઘરના એટીકમાં બહારથી વેંટમાં એક ખીસકોલી ભરાઇ ગઇ હતી અને નીકળતી નહોતી. અમે એનીમલ કન્ટ્રોલને પણ બોલાવ્યા પણ બરાબર જવાબ આપતા નહોતા. પછી મેં બાપાનો પરચો છપાવવાનો માન્યો અને બાપાની અસીમ કૃપાથી એટીકમાંથી એનીમલ નીકળી ગયા. જેમ બાપાનો પરચો મને ફળ્યો તેમ બધાને ફળે. આ પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૨૭. જલારામબાપાના પરચા અપરંપાર છે. બાપા હાજરા હજૂર છે. હું મારી જોબ પર પડી ગઇ હતી અને મારા કાંડાનુ હાડકુ ભાગી ગયુ હતુ. ડૉકટરે સર્જરી કરવાનું કહ્યુ. એમ. આર. આઇ. કરાવ્યો એના પરથી સર્જરી કરવાનું આવ્યુ. હાથમાં પ્લેટ નાખવી પડશે તેવુ કહ્યુ. સર્જરી કરવાની તારીખ અને સમય આપી દેવામાં આવ્યા. મેં પૂ. બાપાને ખૂબ જ પ્રાર્થના કરી કે બાપા મારે સર્જરી ન કરવી પડે તેમ કરો. હું તમારો પરચો છપાવીશ. સર્જરીના બે દિવસ પહેલા ડૉકટરની એપોઇન્ટમેન્ટ

હતી અને ફરી એકસ-રે લીધો અને ડૉકટરે કહ્યુ કે સર્જરીની જરૂર નથી. બાપાએ મારી વિનંતી સાંભળી અને મને સર્જરીમાંથી બચાવી લીધી. બાપાએ સદાય મારી મદદ કરી છે. જયારે મુશ્કેલીમાં હોઉ તો બાપા અચુક ઉગારે છે. આવી જ રીતે બાપા સદાય અમારી સાથે રહેજો. આ પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૨૮. મારા દીકરીના બન્ને બાળકોને બોલવાની તકલીફ હતી. જલારામ ભગવાનની કૃપાથી બન્ને બાળકો સરસ બોલતા થઇ ગયા છે. મારી આસ્થા સફળ બની. મેં જે નીયમ લીધો હતો તે યથાશકિત પૂર્ણ કરૂ છું. ભગવાનની કૃપા અપરંપાર છે.

૨૯. મારી ગાડીની ચાવી મળતી નહોતી. અને અમે બધે તપાસ કરી લીધી હતી અને આખુ ઘર ચેક કરી લીધુ હતુ. પછી પૂ. જલારામબાપાને યાદ કર્યા પછી તુરત જ સોફા પરથી ચાવી મળી આવી. કળીયુગમાં પણ આવા ચમત્કાર થાય છે.

૩૦. એક શેહેરમાં એક બહેન રહેતા હતા અને તેમનું એક કામ ૩ વર્ષથી અટકાઇ ગયુ હતુ તે કામ થવાની કોઇ આશા હતી નહી તો તે બહેને જલારામબાપાને ખૂબ દિલથી પ્રાર્થના કરી ને તે કામ કરી આપવા વિનંતી કરી. તે બહેનને વિશ્વાસ અને શ્રધ્ધા હતી કે મારા દિલનો અવાજ જલારામબાપા ચોક્કસ સાંભળશે. પ્રાર્થના કર્યા પછી ૩૦ મિનીટમાં જ સામેથી તે ભાઇનો મેસેજ આવ્યો કે આ કામ મેં પતાવી દીધુ છે અને તેની કોઇ ચિંતા કરશો નહી. જે કામ થવાની કોઇ જ આશા ન હતી તે કામ બાપાએ તુરત જ કરી આપ્યુ. જેટલી વાર હું બાપાને પ્રાર્થના કરીને કરુ છુ તે મારૂ દરેક કામ બાપા કરે છે.

૩૧. શ્રી જલારામબાપા તથા વિરબાઇમાને મારા કોટી કોટી પ્રણામ. બાપા સૌની પૂકાર સાંભળી મદદે દોડતા આવે છે. બાપાના પરચા અપરંપાર છે. મારા દીકરાને અચાનક ઘાતક બિમારી આવી હતી. ડૉકટરે કહ્યુ કે એમને કેન્સર છે. મારા હોશકોશ ઉડી ગયા. મેં બાપાને પ્રાર્થના કરી કે બાપા તમારા ચરણમાં મારુ માથુ મુકુ છુ. મારા દીકરાની ઉંમર ઘણી નાની છે અને એના બાળકો પણ ઘણા નાના છે. બાપાએ મારી અંતરની પૂકાર સાંભળી અને મારા દીકરાને નવી જીંદગી આપી. મેં માનતા માની હતી કે જલારામ દર્પણમાં પરચો છપાવીશ અને યથાશકિત ભેટ ધરીશ. બીજુ મારી દીકરીના દીકરાને સારી કોલેજમાં એડમીશન મળી જાય અને દીકરીને સારી જોબ મળી જાય તે માટે પણ માનતા માની હતી. બાપાએ મારી બધી મનોકામનાઓ પૂર્ણ કરી છે. બન્ને દીકરા-દીકરી સારી રીતે સેટ થઇ ગયા છે. આ માનતા આજે પૂરી કરૂ છું. આ પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૩૨. અમારી વહુને એક રાતે પેટમાં સખત દુઃખાવો થયો. પૂ. બાપાને યાદ કર્યાને પાંચ દિવાની અને પરચો છપાવવાની માનતા માની કે દુઃખાવો મટી જાય. હોસ્પિટલમાં થોડી સારવાર લેતા સારૂ થઇ ગયુ. પૂ. બાપાના ચરણોમાં કોટી કોટી વંદન.

૩૩. પૂ. જલારામબાપાને કોટી કોટી વંદન. પૂ. બાપાની અસીમ કૃપાથી અમારી માનેલી માનતા પૂ. બાપાએ પૂર્ણ કરી છે. પૂ. બાપાના ચરણોમાં લાખ લાખ વંદન. અમે પરચો છપાવવાની માનતા માની હતી તો આ પરચો છપાવી ઋણમુક્ત કરશો. યથાશકિત ભેટ મોકલાવુ છુ તે સ્વીકારશો.

૩૪. પૂ. જલારામબાપા, તમે ભકતોના બેલી છો, તમને મારા કોટી કોટી પ્રણામ. મેં મારી દીકરીઓ માટે ફાઇલ કરેલી ત્યારે બાપાનો પરચો છપાવવાની માનતા રાખી હતી. કોઇપણ તકલીફ

વીના શાંતિથી મારી પાસે આવી ગઇ છે અને જોબ પણ મળી ગઇ છે. જલારામબાપા બધા ભકતોનું ભલુ કરે એ જ પ્રાર્થના.

૩૫. મારાથી સોનાના પાટલા અને સેટ કયાંક મુકાઇ ગયા હતા અને મળતા નહોતા. મેં પૂ. બાપાનો પરચો છપાવવાની માનતા માની. પૂ. બાપાની કૃપાથી તે તુરત જ મળી ગયા. આવી જ રીતે પૂ. બાપાની અસીમ કૃપા અમારા કુટુંબ પર સદાય રહે તેવી પ્રાર્થના.

૩૬. અમારા કુટુંબમાં ઘણો કલેશ રહેતો હતો. અમારા જેઠના માટે મેં માનતા માની હતી કે બાપા એ સારી રીતે સેટ થઇ જાય અને બીજી જગ્યાએ રહે તો બાપા હું પરચો છપાવીશ. આજે મારા જેઠ બીજા જેઠની સાથે રહે છે જે એમણે જાતે જ જવાનો નીર્ણય લીધો હતો. બાપાની કૃપાથી એ હવે ખુશ છે. અમો પણ બાપાની કૃપાથી સારી રીતે ઇન્ડીયાથી ફરીને પાછા આવી ગયા છીએ. પૂ. બાપા, તમારી કૃપા અમારી ઉપર બનાવી રાખજો.

પૂ. બાપાને બીજી એક પ્રાર્થના કે મારા પતિનું દારૂનું વ્યસન ઓછુ થાય અને ઘરમાં સુખ શાંતિ રહે અને બાળકોનો અભ્યાસ સારો ચાલે તેવી કૃપા કરજો.

૩૭. પૂ. બાપા હાજરા હજૂર છે. જયારે જયારે પૂ. બાપાને પોકાર્યા છે ત્યારે અમારો પોકાર સાંભળીને હાજર થયા છે. મારા પગમાં ખૂબ જ દુઃખાવો થતો હતો અને મારે ત્યાં પ્રસંગ આવતો હતો તેથી મેં માનતા માની હતી કે આ પ્રસંગ સારી રીતે પતી જાય અને મારા પગે સારુ રહે. ખરેખર બાપાના ચમત્કાર સાચા છે. મારા પગમાં દુઃખાવો ઓછો થઇ ગયો અને મારો પ્રસંગ પણ સારી રીતે ઉજવાઇ ગયો. પૂ. બાપા અમારી ઉપર સદાય આવી જ કૃપા રાખજો. આ પરચો જલારામ દર્પણમાં છાપી ઋણમુક્ત કરશો.

૩૮. - પૂ. જલારામબાપાની કૃપા અપરંપાર છે. બાપાએ નાના મોટા ઘણા કામો પાર પાડયા છે. મારી બેનને લાસ્ટ સ્ટેજનું કોલન કેન્સર હતુ અને કોઇ બચી શકે નહિ પરંતુ બાપાની કૃપાથી તેને સારુ થઇ ગયુ છે.

• મારી દીકરીએ ઘણી બધી કોલેજમાં એપ્લાય કર્યુ હતુ પરંતુ કોઇ જગ્યાએથી હા આવતી નહોતી. મેં પૂ. બાપાની માનતા મનાની તો એક કોલેજમાંથી ઇન્ટરવ્યુ આવી ગયો.

• મારી જોબમાં બધા મને બહુ હેરાન કરતા હતા પણ બાપાની માનતાથી હવે બધા સારી રીતે બોલાવે છે.

• મારી દીકરીની દીકરી ૨ વર્ષની જેને ૧૦૨ તાવ રહેતો હતો અને ઉતરતો નહોતો. મેં બાપાની માનતા માની તો તે પહેલા જેવી સારી થઇ ગઇ.

• હું સ્નોમાં પડી ગયો હતો અને મને કાંડાનું ફ્રેકચર થયુ હતુ પણ બાપાની કૃપાથી સર્જરી વગર મટી ગયુ છે. આ પરચા છાપી મને ઋણમુક્ત કરશો.

૩૯. પૂ. જલારામબાપા તથા પૂ. સાંઇબાબાને કોટી કોટી પ્રણામ. મને પૂ. બાપા તથા પૂ. સાંઇબાબા ઉપર ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. અમારા દરેક કામમાં અમે પૂ. બાપાને અને પૂ. બાબાને યાદ કરીએ છીએ. તેઓ અમારા પરિવારના બધા જ કામ પાર પાડે છે. મેં મારી દીકરી માટે માનતા માની હતી તેમાં પૂ. બાપા અને પૂ. બાબાએ મારી દીકરીને સંકટમાંથી બહાર કાઢી નાંખી છે. તે બદલ અમો પૂ. બાપા અને પૂ. બાબાના ખૂબ ઋણી છીએ. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તે સ્વીકારશો

અને પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૪૦. ઇન્ડીયાથી એક છોકરો આવ્યો હતો અને મારી એવી ઇચ્છા હતી કે મારી દીકરીના સગપણ એની સાથે નક્કી થાય. મારી દીકરીની ઇચ્છા ઓછી હતી. મેં જલારામબાપાની માનતા માની કે એ જો હા પાડી દેશે તો હું પરચો છપાવીશ. ગુરુવારના દિવસે જ તેણે હા પાડી અને લગ્ન પણ થઇ ગયા. બાપાએ મારી ઇચ્છા પૂરી કરી. બાપાને કોટી કોટી વંદન.

૪૧. જલારામબાપાની કૃપાથી આજે હું મારી માનતા મારા દીકરાની પત્ની માટે રાખેલ તે હું પૂરી કરુ છું. જલારામબાપા આવી રીતે અમારી અને દરેક ભકતોની બધી ઇચ્છા પૂરી કરે તેવી પ્રાર્થના.

૪૨. મારા ૨ મહિનાના દીકરાને હેલ્થ પ્રોબ્લેમ હોવાથી સર્જરી કરવાની હતી. આ સર્જરી સારી રીતે પતી જાય અને દીકરાની તબીયત સંપૂર્ણ રીતે સારી થઇ જાય તેના માટી ખુશીનો પરચો છપાવવાની માનતા રાખી હતી તે આજે પૂર્ણ કરુ છું. જલારામબાપાની કૃપા અમારા ઉપર સદાય બની રહે તેવી જલારામબાપાના ચરણોમાં પ્રાર્થના.

૪૩. પૂ. જલારામબાપા તથા પૂ. વિરબાઇમાતાને મારા કોટી કોટી પ્રણામ. અમારા પરિવાર ઉપર બાપાની અસીમ કૃપા છે. મારા દીકરાને ગર્વમેન્ટ જોબ જોઇતી હતી. એણે ખૂબ જ મહેનત કરી અને બાપાની કૃપાથી જોબ મળી ગઇ પણ બીજા સ્ટેટમાં મળી તેમાં પણ બાપાની કૃપાથી ૮ મહિનામાં જ પાછી શિકાગોમાં ટ્રાન્સફર થઇ ગઇ. એના જીવનબાગમાં સુંદર ૩ પુષ્પો ખીલાવ્યા અને બાપાની કૃપાથી બીજા કામો પણ વિના વિઘ્ને પાર પાડયા છે. મેં માનતા માની હતી કે મારા કામો પાર પડે ત્યારે પરચો છપાવીશ. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારશો અને પરચો છાપી મને ઋણમુક્ત કરશો. પૂ. બાપા, અમારા જીવનમાં દરેક ક્ષણે અમારા કુટુંબ સાથે રહેશો એવી પ્રાર્થના.

૪૪. પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી પ્રણામ. સર્વ પ્રથમ પરચો લખતા પહેલા હું બાપાની ક્ષમા માંગુ છું કે માનાત પૂરી કરવામાં વધારે વિલંબ થઇ ગયો છે. ગયા વર્ષે મારા પતિની તબિયત એકદમ ખરાબ થઇ ગઇ હતી. એમને આંખની તકલીફ થઇ આવી હતી અને હોસ્પીટલમાં દાખલ કરવા પડયા હતા. મેં પૂ. જલારામબાપાની માનતા રાખી હતી કે એમને સારુ થઇ જશે તો પરચો છપાવીશ અને યથાશક્તિ ભેટ મોકલીશ. પૂ. બાપાએ મારી માનતા સાંભળી અને મારા પતિની આંખે સારુ થઇ ગયુ છે. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારશો અને પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૪૫. ''કરે માનતા દુ:ખીયાજન, જલા નામથી જાય વિઘન '' પૂ. બાપા મને હંમેશા મદદ કરતા રહેલા છે. પૂ. બાપા ઉપર મને ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. મારા છોકરાને માસ્ટરની ડીગ્રી મેળવવી હતી પણ તેને કોઇ જગ્યાએ એડમીશન મળતુ નહોતુ. અને તે જોબ માટે પ્રયત્ન કરતો હતો તેમાં પણ મેળ પડતો નહોતો. પૂ. બાપાને અંતરથી પ્રાર્થના કરી કે કાંતો એને સ્કુલમાં એડમીશન મળી જાય અથવા તો એને જોબ મળી જાય. પૂ. બાપા, તમને જેમ યોગ્ય લાગે તેમ કરજો. મારે જલારામ મંદિરમાં દર્શન કરવા આવવુ અને શ્રીફળ વધેરવુ અને યથાશકિત ભેટ મૂકવી. પૂ. બાપાએ મને સાથ આપ્યો અને તેને સ્કુલમાં એડમીશન મળી ગયુ. પૂ. બાપા મને દરેક કામમાં મદદ કરતા રહેલ છે. પૂ. બાપાનો ઉપકાર કોઇ દિવસ ના ભૂલાય.

૪૬. પૂ. બાપા તથા પૂ. વિરબાઇમાતાને કોટી કોટી પ્રણામ. પૂ. બાપાએ તો મારા દરેક કામ

પાર પાડયાં છે. મારા હાર્ટમાં થોડો પ્રોબ્લેમ હતો તો ડૉક્ટરે નાની સર્જરી કરવાનું કહ્યું હતું. હું પૂ. બાપાને યાદ કરી હોસ્પીટલમાં ગઇ અને સર્જરી કરી. રીપોર્ટ નોર્મલ આવ્યો. બાપા તમો અમારા કુટુંબની વ્હારે ચડજો અને ઘરની લાજ રાખજો.

૪૭. પૂ. જલારામબાપા ઉપર મને શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. બાપાએ મારા સર્વે કામ પૂરા કર્યા છે. મેં જ્યારે બાપાને પ્રાર્થના કરી ત્યારે મારા કામ પુરા થઇ જાય છે. મેં પરચો છપાવવાની બાધા રાખી હતી તો પરચો છાપી મને ૠણમુક્ત કરશો.

૪૮. પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી અમારા તમામ કામ પૂરા થાય છે. બાપા આપની અમી દ્રષ્ટી અમારા પર સદાય રાખજો. મારા દીકરાની સારી જોબ આપની કૃપાથી લાગી છે. બસ મારે એક મકાન થાય તેવી ઇચ્છા પુરી કરશો.

૪૯. જલારામબાપા હાજરા હજૂર છે. મને ગળામાં, પેટમાં અને આખા શરીરમાં બહુ દુઃખાવો રહ્યા કરતો હતો. આથી મેં બાપાની માનતા માની કે મને સારુ થઇ જશે તો યથાશક્તિ ભેટ અને પ્રસાદ ધરાવીશ અને પરચો છપાવીશ. બાપાની દયાથી મને હવે ઘણું સારું થઇ ગયુ છે. મારો મેમોગ્રામ, કોલનોસ્કોપી તેમજ બ્લડ ટેસ્ટ, ડાયાબીટીસ અને કોલેસ્ટ્રોલના ટેસ્ટ કરવ્યા હતા તે પણ નોર્મલ જ આવ્યા છે. કોલેસ્ટ્રોલની દવા તો બંધ જ થઇ ગઇ છે. મારા દીકરાની વહુને ડ્રાઇવીંગ લાયસન્સ પણ બાપાની દયાથી મળી ગયુ છે. અમોને બાપા ઉપર ખૂજ શ્રધ્ધા છે. બાપાએ અમારાં અનેક કાર્યો કર્યા છે અને કરે છે. બાપા અમોને તમારા ઉપર અતૂટ શ્રધ્ધા છે તે કાયમ માટે રાખજો એવી અમારી પ્રાર્થના છે. બાપાને મારા કોટી કોટી પ્રણામ. મારા મનમાં જે મુઝવણ હતી તે પણ બાપાની દયાથી દૂર થઇ છે.

૫૦. શ્રી જલારામબાપા ઉપર મને ખૂબજ શ્રધ્ધા અને વિશ્વાસ છે. મારી તબીયત બગડી હતી તે પૂ. બાપાની કૃપાથી સારી થઇ ગઇ છે. પૂ. જલારામબાપા હંમેશા અમારા બધા કામ પૂરા કરે છે.

૫૧. પૂ. બાપાને લાખો વંદન અને કોટી કોટી પ્રણામ. હું જ્યારથી સમજણી થઇ ત્યારથી જલારામબાપાની ભકિત કરું છું. દરેક મુશ્કેલીમાં મને બાપાની સહાય મળી છે. અનેક દુઃખ, શારિરીક, માનસિક બધા કાર્યમાં બાપાને યાદ કરતા બાધા રાખવાથી અનેક નાની મોટી મુશ્કેલી દુર કરી દે છે. મને બાપાનો સાચો સહારો છે. આ પરચો છાપી અમોને ૠણમુક્ત કરશો. મારી માનતા પ્રમાણે મારી નાની ભેટ સ્વીકારશો.

૫૨. જલારામ બાપાની જય હો. જલારામ બાપા સત્ય છે. અમો બાધા રાખીએ છીએ કે મારા પુત્રના છુટા છેડા બંધ રહે અને બન્ને જણ શાંતિથી સુખીથી ભેગા થઇ જાય તો અમો વિરપુર બાપાનાં દર્શન કરવા જઇશું. જલારામબાપા તમો બધુ જ અમારા ફેમીલીનું સારું કરશો.

૫૩. પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી મારી દીકરીને માસ્ટરમાં એડમીશન મળી ગયુ છે. તો બાપાનો ઉપકાર હું કદી ભુલી શકતો નથી. આ સીવાય મારા નાના-મોટા ઘણા પરચા બાપાએ પૂરા કર્યા છે. તો આ પરચો છાપી ૠણમાંથી મને મુક્ત કરશો.

૫૪. પરમ પૂ. બાપાના ચરણોમાં કોટી કોટી પ્રણામ. જલારામબાપાની અમી ભરેલી આંખોનું Focus અને આશીર્વાદ અને અસીમ કૃપાથી અત્યાર સુધીમાં જે જે કામ માટે બાપાને સંભાળ્યા ત્યારે ત્યારે લાઇટના કરંટની માફક અમારાં ધાર્યા કામ બાપાએ સફળ કર્યા છે. મારી

લાઇફમાં ભગવાનના કેટલાય પરચા થઇ ગયા છે. જ્યારે જ્યારે મનમાં કંઇક અશાંતિ આવે અને બાપાને યાદ કરુ છુ તો મને ખૂબ જ શાંતિ મળે છે. મારી દીકરીને હાઉસ વેચવાનુ હતુ. ઘણા લોકો જોવા પણ આવતા પણ કોઇની બે માસમાં offer આવી નહી તો મને કહેવા માંડી કે મમ્મી હવે આ મહિનામાં જો ઓફર આવે તો ઠીક નહિ તો પછી અમારે એવું પણ નથી કે ઘર વેચી જ દેવુ. એટલે મેં સવારમાં જલારામબાપાને દીવો કર્યો તે વખતે બાપાને માનતા માની કે આ પ્રશ્ન બાપા તમારા વગર કોઇ સોલ્વ કરવાનુ નથી અને મારી બે ચિંતામાં આ એક ચિંતા ઘરની. બીજી ચીંતાનો પરચો હું પછી લખું છું. ઘર બાબતમાં મેં માનતા માન્યા પછી એક વીકમાં ઘર બહુ સરસ રીતે વેચાઇ ગયું ને એક જ મહીનામાં બધુ જ પતી ગયુ. અને એના ઘરની જે ડીલ હતી તેનાથી વધારે ફાયદો થયો. બાપાની અમી ભરેલી આશિષની વર્ષા થતાં આ બધુ કામ પતી ગયુ. બાપાના ચરણોમાં લાખો પ્રણામ. બાપા તમારા જે જે ભક્તો તમારી પાસે કોઇ કારણથી ગુંચવાતા હોય તેમને રસ્તો કરી આપજો. તમો અમારા મા-બાપ છો, અમો તમારાં છોકરાં છીએ. છોરૂ કછોરૂ થાય, માવતર કમાવતર ના થાય. બાપા આ પરચો લખવામાં ભૂલ હોય તો માફ કરશો. યથાશક્તિ ભેટ મુકી છે તેનો સ્વીકાર કરશો.

૫૫. પૂ. બાપાના ચરણોમાં કોટી કોટી પ્રણામ. દરરોજના નિયમ પ્રમાણે સવારમાં બાપાને દીવો કરતાં કેટલા વખતથી મારા મનની ઇચ્છા પૂરી થાય તે માટે બાપાની પાસે મેં માગણી કરી - માનતા માની. બાપા મારા દીકરાને ત્યાં બીજી બેબી આવે તેની હું રાહ જોઇ રહી છું. બાપા આ વખત મારા દીકરાને ત્યાં પારણું બંધાય તો હું તમારો પરચો છપાવીશ. તો બીજા વીકમાં સમાચાર મળ્યા કે મારા દીકરાની વહુ પ્રેગનન્ટ છે. એમાં મને બહુ આનંદ થયો. જલારામબાપાની કૃપાથી સમાચાર આવ્યા કે મારા દીકરાના ઘરે બાબો છે. જલારામબાપા કેટલા કરૂણાના સાગર છે ને મારી આ મોટી ઇચ્છા પૂરી કરી. બાપા તમને મારા કોટી કોટી પ્રણામ. ભગવાન દુઃખીયાઓના બેલી છે. મારા તો એવા હાર્ડ કામ પતાવ્યાં છે કે મારી જીંદગીમાં એક સ્વપ્ન થઇ ગયું છે. કેટલા upset થઇ જઇએ, નિરાશા આવી જાય પણ ભગવાને એમની લાકડીથી રસ્તો કરી આપ્યો છે. જ્યારે જ્યારે પડયા છીયે ત્યારે ત્યારે અમને ઊચકી લીધા છે. જલારામબાપાને એટલી પ્રાર્થના કે જેમ અમારાં સઘળાં કાર્યો સફળ કર્યા તેમ સહુ ભક્તોનાં કામ કરશો. આ સાથે યથાશક્તિ ભેટ માકલી છે તેનો સ્વીકાર કરશો.

૫૬. જલારામબાપાની અસીમ કૃપાથી મારા દીકરાને એની examમાં સફળતા મળી છે તે માટે બાપાને પ્રાર્થના કરી હતી. તેને જેવો સ્કોર જોઇએ તેવો મળ્યો. મારો દીકરો પણ દરરોજ exam સમયે ત્રણ વીક બાપાના દર્શને આવતો હતો. તેનો score 100% આવ્યો છે. જલારામબાપાની અને સાંઇબાબાની કૃપાથી તે doctor બનવાનો છે.

૫૭. બાપાની કૃપાથી મારા દીકરા અને દીકરીને ત્યાં પારણું બંધાયુ અને બંનેને ત્યાં તંદુરસ્ત અને નિર્વિઘ્ને પ્રસૂતિ બદલ બાપાની ખુબ ખુબ દયા રહી છે તો તમારી કૃપાના જય જયકાર સાથે કોટી કોટી પ્રણામ.

૫૮. અમારા એક રૂમમાં બાપ-દીકરા ભાડે રહેતા હતા તેને ખાલી કરવાનું કહેતા હતા તે કરતા ન હતા. મેં પૂ. બાપાની માનતા માની કે તે રૂમ ખાલી કરીને જશે તો પરચો છપાવીશ અને તમારા ચરણોમાં ભેટ ધરીશ. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તેનો સ્વીકાર કરશો.

૫૯. જલારામબાપાના પરચા અપરંપાર છે. મારા પતિને હાર્ટની બાયપાસ સર્જરી હતી. મેં

પૂ. જલારામબાપાની માનતા રાખી કે મારા પતિનું ઓપરેશન સારી રીતે પતી જશે તો હું બાપાનો પરચો છપાવીશ અને આરતી કરીશ. બધુ સરસ થઇ ગયુ છે તેથી પરચો સ્વીકારી મને ઋણમુકત કરશો. બાપાને અમારા કુટુંબ વતી શત શત પ્રણામ.

૬૦. પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી પ્રણામ. પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી અમારી માનેલી બધી માનતા પરીપૂર્ણ થઇ છે. મારા એક કામ માટે મેં પરચો છપાવવાની માનતા રાખી હતી તે કામ પુરૂ થઇ ગયુ છે. પરચો છપાવતા થોડુ મોડુ થઇ ગયુ છે તો બાપા પાસે માફી માંગી લઉ છું. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તેનો સ્વીકાર કરશો અને આ પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૬૧. અમે વેકેશનમાં ફરવા ગયા હતા અને ત્યાંથી ક્રુઝમાં જવાનું હતું એટલે અમને રીર્ટન ટીકીટ આપી હતી. અમારાથી તે રીર્ટન ટીકીટ ખોવાઇ ગઇ હતી. પાછા આવતા ટીકીટ શોધી પણ મળી નહી. એટલે બાપાને યાદ કર્યા અને કહ્યું કે બાપા આ મુસીબત આવી છે અને બાપાએ તુરત જ અમને મુસીબતમાંથી ઉગારી લીધા. અમને બાપામાં બહુ જ શ્રધ્ધા છે. તેમને યાદ કરતા જ સહુ કામ થઇ જાય છે. બાપા સહુ ભકતોના કામ પાર પાડે જ છે.

૬૨. અમારી ઉપર જલારામબાપાની કૃપા અપરંપાર છે. જયારે જયારે બાપાને યાદ કર્યા છે ત્યારે ત્યારે બાપા અચુક સહાયે આવ્યા છે. મને પગનો અને ઢીંચણનો દુઃખાવો ઘણા વખતથી રહે છે. બાપાને યાદ કર્યા અને દુઃખાવો ઓછો થઇ ગયો છે. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તેનો સ્વીકાર કરશો અને આ પરચો છાપી મને ઋણમુકત કરશો.

૬૩. જલારામબાપાને ખૂબ ખૂબ વંદન. અમારુ ફેમીલી જલારામબાપાને ખૂબ જ માને છે. જલારામબાપાનું સ્મરણ કરીએ અને બાપા અમારુ કામ કરે છે. મારી દીકરીને બે દિવસથી છાતીમાં ખૂબ જ દુઃખતુ હતુ તેથી ફેમીલી ડૉકટરને કહ્યું તો ઇમરજન્સીમાં લઇ જવા કહ્યું અને બધા જ ટેસ્ટ કરાવવાના કહ્યા. મેં બાપાને ખૂબ જ વિનવણી કરી કે બાપા મારી દીકરીના બધા જ રીપોર્ટ નોર્મલ આવશે તો હું આજે જ મંદિરે જઇ દર્શન કરીશ અને જલારામ દર્પણમાં પરચો છપાવીશ અને ભેટ મુકીશ. બાપાની કૃપાથી બધા જ રીપોર્ટ નોર્મલ આવ્યા અને હું દર્શન કરી આવી. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તેનો સ્વીકાર કરશો અને આ પરચો છાપી મને ઋણમુકત કરશો. અને બાપા, મારી દીકરીને સારી કરી દેશો.

૬૪. પૂ. જલારામબાપા બધાની મનોકામનાઓ પૂર્ણ કરે છે. પૂ. બાપા હાજરા હજૂર છે. મારી દીકરીની બોર્ડ એકઝામમાં સારુ રીઝલ્ટ આવે તો પૂ. બાપાના ચરણોમાં યથાશક્તિ ભેટ મૂકીશ અને જલારામ દર્પણમાં પરચો છપાવીશ તેવી માનતા રાખી હતી. પૂ. બાપાની કૃપાથી મારી દીકરી બોર્ડમાં પાસ થઇ ગઇ. પૂ. બાપાના ચરણોમાં મારા લાખ લાખ વંદન. બાપા સૌની મનોકામનાઓ પૂર્ણ કરે તેવી મારી પ્રાર્થના.

૬૫. જલારામબાપાને કોટી કોટી વંદન અને પ્રણામ. જલારામબાપાની અસીમ કૃપાથી મારી દીકરીને સબસ્ટીટયુટ ટીચર તરીકેની જોબ મળી ગઇ છે. મારી દીકરી બી. એસ. સી. બાયોલોજીમાં ગ્રેજયુએટ થઇ પછી એને જોબ મળતી જ નહોતી. તેને કારણે એ પોતે પણ ડીપ્રેશનમાં આવી ગઇ હતી. લગભગ એક વર્ષ સુધી જોબ મળી નહી. અને છેવટે સબસ્ટીટયુટ ટીચર તરીકેનું લાયસન્સ લીધા પછી

એ રાહ જોતી હતી કે સ્કુલમાંથી એને જોબ માટે બોલાવે. ઓગષ્ટ મહીનામાં સ્કુલો ખુલ્યા પછી એ રાહ જોતી હતી. અને મેં જલારામબાપાની માનતા માની હતી કે જો મારી દીકરીને જોબ મળી જશે તો હું ૫ ગુરૂવાર ભરીશ અને જલારામ દર્પણમાં પરચો છપાવીશ. સ્કુલો ખુલ્યા પછી ર-૩ વીકે એને જોબ માટે સ્કુલમાંથી ફોન આવ્યો. અને હવે એને જોબ મળી ગઇ છે. અમે આશા છોડી દીધી હતી પણ જલારામબાપાની કૃપાથી બધુ કામ પાર પડી ગયુ. આ પરચો જલારામ દર્પણમાં છાપી મને ઋણમુકત કરશો.

૬૬. પૂ. જલારામબાપા અને પૂ. સાંઇબાબાને કોટી કોટી વંદન. મારા પુત્રનું ઘર વેચવા મુકયુ હતુ તે વેચાતુ ન હતુ. મેં જલારામબાપાને પ્રાર્થના કરી કે ઘર વેચાઇ જાય તો હું પરચો છપાવીશ. પૂ. બાપાની કૃપાથી સારી રીતે ઘર વેચાઇ ગયુ છે. બાપાને વિનંતી છે કે ઘણો સમય થયો, મેં તમારી માનતા માનેલી તે હું ભૂલી ગઇ છું તો બાપા આ માનતામાંથી મને ઋણમુક્ત કરશો. હું યથાશકિત ભેટ મોકલું છું તે પ્રેમ ભાવથી સ્વીકારશો.

૬૭. જલા-સાંઇને યાદ કરી માનતા માની હતી કે મારા જમાઇની તબીયત અચાનક બહુ જ બગડી હતી તે સારી થઇ જશે તો હું યથાશક્તિ ભેટ સાથે પરચો છપાવીશ. પૂ. બાપા અને પૂ. બાબાની કૃપાથી હવે ઘણું સારુ છે. હે બાપા આવી જ રીતે સદાય અમારી સાથે રહેજો અને સહાયતા કરજો. મારા જલા-સાંઇ, આપના ચરણોમાં કોટી કોટી વંદન.

૬૮. પરમ પૂ. જલારામબાપા - પૂ.વીરબાઇમાં ઉપર મને ખૂબ જ વિશ્વાસ અને શ્રધ્ધા છે.મારા પુત્ર અને પુત્રવહુ તથા ગ્રાન્ડસન સખત ગરમીમાં ઇન્ડિયા ફરવા જવાનો પ્લાન કર્યો હતો. ફલોરીડાના એરર્પોટથી તે મુંબઇ વિના પ્રોબ્લેમ સારી રીતે અને દેશમાં સારી રીતે ફરી આવે તે માટે પૂ. બાપાને પ્રાર્થના કરી માનતા માનેલી કે તે સારી રીતે જઇને પાછા આવી જાય. તે દરમ્યાન મારા પતિને સ્પાઇનલ કોર્ડની સર્જરી કરાવવી પડી. સર્જરીનું કામ દીકરી સાથે પતાવ્યું. ચાર મહિના થઇ ગયા છતા હજી રીહેબમાં એક્ષરસાઇઝ કરાવવાથી ધીમે ધીમે સારૂ થાય છે. ઊપરાંત મારા ગ્રાન્ડસનને તેના ભણતરની લાઇનની જોબ મળે, તદ્‌ઉપરાંત મારા વેવાઇને પડી જવાના કારણે માથામાં સખત માર પડવાથી ખૂબ જ લોહી નીકળી જવાથી બેભાન હાલતમાં હોસ્પીટલમાં દાખલ કરવા પડયા, પણ ટ્રીટમેન્ટ કરવાથી સારૂ છે. ઊપરાંત પુત્ર અને પુત્રવહુની હેલ્થમાં કંઇ ને કંઇ થયા કરે છે. મારા પતિની વધુ થેરેપી માટે ઇન્ડીયા જઇએ છીએ. પૂ. બાપાને એટલી જ વિનંતી કે મારા પતિને જલ્દીથી ચાલતા કરજો. પૂ. જલારામબાપા મારા નાનામોટા દરેક કામ પાર પાડે છે અને પાડતા રહે એવી હંમેશા પૂ. બાપાને પ્રાર્થના કરૂં છું. પૂ. બાપા, મારી હેલ્થ પણ સારી રાખજો કે જેથી મારા પતિ કે બીજા બધાને હેલ્પ કરી શકું. પૂ. બાપા-પૂ. વીરબાઇ તમને લાખો પ્રણામ. મારી મનોકામના પૂર્ણ કરજો. આ પરચો છાપી મને ઋણર્માથી મુકત કરશો.

૬૯. ૐ શ્રી જલારામાય નમઃ. પૂ. જલારામબાપાની કૃપાથી મારી ગ્રાન્ડ ડૉટર મારે ઘરે પાછી આવી ગઇ અને મારા દીકરા અને દીકરી વચ્ચે જે અણબનાવ હતો તે બાપાએ દૂર કરી નાખ્યો. મારી જોબમાં મારો સમય બદલાવવાનો હતો તે કેન્સલ થયો અને મારે જે જોઇતો હતો તે જ સમય બાપાની કૃપાથી રહ્યો. પૂ. જલારામબાપાની કૃપાથી મારી માનતા ફળી છે. આ સાથે યથાશકિત ભેટ મોકલાવી છે તેનો સ્વીકાર કરી અને આ પરચો જલારામ દર્પણમાં છાપી ઋણમુક્ત કરશો.

૭૦. પરમ પૂજ્ય શ્રી જય જલારામબાપાને મારા નમસ્કાર. પૂ બાપાનો મહિમા અપરંપાર છે. અમારા ઉપર પૂ. બાપાની અસીમ કૃપા છે. સંકટ સમયે જ્યારે મેં પૂ. બાપાને પોકાર્યા ત્યારે અમને એમની કૃપા થઇ છે. બે વર્ષ પહેલા મારો દીકરો બહુ તકલીફમાં મુકાઇ ગયો હતો. એ નિર્દોષ હતો છતાં બે દિવસ જેલ થઇ. આવા સમયે કોઇ સહારો ન હતો. મેં પૂ. બાપાને પોકાર્યા અને પ્રાર્થના કરી કે પ્રભુ એ નિર્દોષ હોય તો એને બચાવી લો. હું યથાશક્તિ ભેટ ચઢાવી પરચો છપાવીશ. ત્રીજે દિવસે એ સહી સલામત ઘરે આવી ગયો. પૂ. બાપાને પોકારવાથી દરેક સંકટ દૂર થાય છે. બસ શ્રધ્ધાથી પૂ. બાપાની ભક્તિ કરતા રહેવુ અને એમના પર અતુટ શ્રધ્ધા રાખવી. પૂ. બાપા હંમેશા ભકતોની સભાંળ રાખે છે. ''તમારૂ એક મંદિર રૂડુ વિરપુર ધામ, નથી લેવાતા રૂપિયાના દાન છતા અન્નક્ષેત્ર ચાલે બારે માસ. જમે છે લોકો હજારો અને લે છે બાપા તમારા આશીર્વાદ. ધન્ય વિરપુર વાસી, જુગ જુગ રહે અમર તમારૂ નામ.''

૭૧. પરમ પૂજ્ય શ્રી જય જલારામબાપા. મારા ઉપર અને મારા પરિવાર ઉપર પૂ બાપાની અસીમ કૃપા છે. જ્યારે જ્યારે મેં શ્રધ્ધાથી બાપાને પોકાર્યા અને મારી બધી તકલીફ દુર થતી. પૂ બાપાની કૃપા અપરંપાર છે. થોડા મહિના પહેલા મને બે ટ્રાફીક ટીકીટ મળી હતી, મને થયુ કે મારે બહુ મોટો દંડ ભરવો પડશે. કોર્ટ કેસ થયો. મેં તો પૂ. બાપાને પોકાર્યા અને કહ્યુ કે બાપા મોટો દંડ ભરવાની સગવડ નથી મહેરબાની કરીને સહાય કરો. પૂ બાપાએ મારી પ્રાર્થના સાંભળી. મારી બન્ને ટીકીટો માફ થઇ ગઇ. મેં પરચો છપાવી અને યથાશકિત ભેટ ચઢાવવાની માનતા રાખી હતી તે આજે પૂરી કરૂ છુ એ સ્વીકારશો અને સર્વે ભકતો ઉપર આપની કૃપા વરસતી રહે એવી પ્રાર્થના.

૭૨. જય જલારામબાપા. પૂ.બાપા ઉપર ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. બાપા હંમેશા મને મદદ કરતા રહેલા છે અને સાક્ષાત્કાર ચમત્કાર બતાવ્યો. મારી ગાડી રીવર્સ લેતા પાછળની એક ગાડી સાથે અઠડાઇ ગઇ હતી. એમને રીપેર કરવા માટે પૈસા આપવા તૈયાર થઇ કારણ કે મારે ઇન્યુરન્સમાં જાણ નહોતી કરવી કારણ કે પાછળથી મારી ગાડીનું પ્રિમીયમ વધી જાય અને એ લોકો વધારે પૈસા માંગવા લાગ્યા. તે વખતે પૂ. બાપાને મનોમન અંતરથી પ્રાર્થના કરી કે એનું મન બદલાઇ જાય અને કેસ પાછો લઇ લે તો જલારામ દર્પણમાં પરચો છપાવીશ અને યથાશકિત ભેટ મુકીશ. પૂ. બાપા મારી પ્રાર્થના સાંભળી અને મદદ કરવા દોડી આવ્યા. મારી દીકરીની ફીઝીકલ થેરાપીસ્ટની ગર્વમેન્ટની પરીક્ષા હતી. પૂ. બાપાને પ્રાર્થના કરી કે મારી દીકરીને પાસ કરી દેજો. હું ત્રણ ગુરૂવાર ખીચડી ખાઇને કરીશ. પૂ. બાપાએ મારી એ પણ પ્રાર્થના સાંભળી અને મારી દીકરી પાસ થઇ ગઈ. મેં મંદિરમાં યથાશકિત ભેટ મૂકી છે તો તે ભેટ સ્વીકારી અને મારો પરચો જલારામ દર્પણમાં છાપી મને ઋણમુક્ત કરશોજી.

૭૩. પૂ. જલારામબાપા તથા પૂ. સાંઇબાબાને કોટી કોટી પ્રણામ. મારી પત્નીનું એમ આર આઇ નું ભણવાનું સારી રીતે પતી જાય અને સારી જોબ મળી જાય તો પરચો છપાવવાની માનતા રાખી હતી. પૂ. બાપાની કૃપાથી તેને જોબ પણ સારી મળી ગઇ છે. આઇ આર એસ માંથી મારા સ્ટોર ઉપર ઓડીટીગ આવ્યું હતું પણ પૂ. બાપાની કૃપાથી એ કામ પણ સારી રીતે પતી ગયું છે. પૂ. બાપાને પ્રાર્થના

કરૂ કે હંમેશા તમારા આશીર્વાદ અમારા ઉપર રહે. આ સાથે માકલાવેલી યથાશકિત ભેટ સ્વીકારી અને પરચો જલારામ દર્પણમાં છાપી મને ૠણમુક્ત કરશોજી.

**<u>નોંધ: ઉપર પ્રકાશિત કરેલા પરચાઓ જલારામ ભકતો તરફથી આવેલ છે જેમણે પોતાના નામ જાહેર ન કરવાની વિનંતી કરેલ છે.</u>**

પૂ. જલારામબાપાને કોટી કોટી વંદન. મારા જમાઇ માટે મેં માનતા માની હતી કે ફુલ ટાઇમ જોબ મળી જાય તે માટે સાંઇ-જલારામનો પરચો છપાવવો અને યથાશકિત ભેટ મુકવી.

રંજનબેનના જય જલારામ

અનંતા કોટી ઉપકારી એવા જલારામબાપાના ચરણોમાં કોટી કોટી વંદન. જલારામબાપા હાજરા હજૂર છે. જયારે જયારે અમે મુશ્કેલીમાં હોઇએ છીએ ત્યારે ત્યારે માર્ગ બતાવી એમાંથી પાર ઉતારે છે. આજ રીતે અમારા ઉપર તમારા સદાય આશિષ વરસતા રહે અને અમે તમારી ભક્તિ કરતા રહીએ એજ અભિલાષા.

સુધાબેનના જય જલારામ

પરમ પૂજય જલારામબાપાની અસીમ કૃપાથી આપના ભકતના કામ અચૂક સફળ થાય છે જે સત્ય છે.

હું એક કલાયંટને ત્યાં કામ કરવા જાઉ છુ જે વ્યકિતને ખૂબ જ, સતત ઉધરસ આવ્યા જ કરે છે. મને એવુ લાગે છે કે તેનો જ ચેપ મને પણ લાગ્યો હતો જે મને પણ સતત એક વીક સુધી ઉધરસ આવ્યા જ કરી. મને શંકા ગઇ કે એમની જેમ મને પણ કાયમ ઉધરસ રહી જશે એવુ લાગતુ હતુ. મેં તરત જ જલારામબાપને યાદ કર્યા અને બાધા લીધી કે મને સારૂ થઇ જાય. અને મને બેથી ત્રણ દિવસમાં સારો એવો ફરક પડવા લાગ્યો અને આજે મને તદ્દન સારૂ છે. મેં પરચો છપાવવાની બાધા રાખી હતી અને આ માન્યતા માની હતી તે આજરોજ જલારામ દર્પણમાં છાપી પૂ. જલારામબાપા મને ૠણમુક્ત કરશો. આ સાથે બાપાને સાષ્ટાંગ દંડવત પ્રણામ.

પ્રવીણભાઇના જય જલારામ

પૂ. જલારામબાપાને કોટી કોટી વંદન. બાપાની અસીમ કૃપાથી અમે કેટલાય સમયથી મોટેલ શોધતા હતા તે મળી ગઇ છે. તેથી આ પરચો છાપીને મને મારી માનતામાંથી મુક્ત કરશો. બાપા તમારો ખૂબ ખૂબ આભાર અને સદાય તમારી કૃપા બધા ભકતો ઉપર વરસાવતા રહેજો.

દિપ્તીબેન ગાંધીના જય જલારામ

અમને જલારામબાપા ઉપર અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. બાપા દયાના સાગર છે. અમારા ઘરમાં વડીલ તરીકે બેસાડયા છે. અમારા દરેક નાના મોટા કામો સફળ કર્યા છે તેવી રીતે દરેકના કાર્યો સફળ કરજો. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે બાપાને અર્પણ કરજો. પૂ. બાપાને અમારા કોટી કોટી વંદન.

ગાંધી પરિવારના જય જલારામ

પૂ. શ્રી જલારામબાપાની અસીમ કૃપા છે અને તેવી જ વરસતી રહે એવી પ્રાર્થના. સુખ-શાંતી-આબાદી-સ્વાસ્થ્ય સારુ રહે.

સુધાબેન શાહના જય જલારામ

પૂ. શ્રી જલારામબાપાની અસીમ કૃપાથી મારા દીકરાને બોસ્ટનમાં ફાર્મસી કોલેજમાં એડમીશન મળી ગયુ છે. પૂ. બાપાનો ખૂબ ખૂબ આભાર.

મીનાબેન ગાંધીના જય જલારામ

પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી વંદન. પૂ. બાપામાં અમને અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે. અમારા તમામ કાર્યો બાપાની દયાથી વિના વિઘ્ને પૂરા થાય છે. મારી દીકરીએ ઓપ્ટોમેટ્રી કોલેજમાં એપ્લાય કર્યુ હતુ પરંતુ એડમીશન મેળવવુ ઘણું જ મુશ્કેલ હતુ. મેં મનોમન બાપાને યાદ કરી માનતા માની કે જો મારી દીકરીને એડમીશન મળી જાય તો હું બાપાનો પરચો છપાવીશ. બાપાની દયાથી મારી દીકરીને Illinois college of Optometry માં એડમીશન મળી ગયુ છે અને અમે ઘણા ખુશ છીએ. બાપાને લાખ લાખ વંદન. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તે સ્વીકારશો અને પરચો છાપી ઋણમુક્ત કરશો.

દક્ષાબેન ટેઇલરના જય જલારામ

પૂ. જલારામબાપાને અમારા કોટી કોટી વંદન. મેં મારી દીકરીના ભાણાનું લગ્ન જે છોકરી સાથે કરવાનું છે તેને કેનેડા જવાનું થાય અને બન્નેનું રજીસ્ટર થયા પછી જવાનું થાય તેવી જલારામબાપાની પરચો છપાવવાની માનતા માની હતી તે માનતા પૂરી થઇ છે અને છોકરી કેનેડા પહોંચી ગઇ છે. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તે સ્વીકારશો અને પરચો છાપી ઋણમુક્ત કરશો.

શારદાબેનના જય જલારામ

પૂ. બાપાના ચરણોમાં અમારા વંદન. પૂ. બાપાની અસીમ કૃપાથી મારા ભત્રીજો અલર્ક એન્જીનીયર બની ગયો છે અને તેને સારી જોબ મળી ગઇ છે. મારા ભાઇને પણ સારી જોબ મળી ગઇ છે. તેને સોમથી - શુક્રની હળવી જોબ અપાવી આભારી કરશો. પૂ. બાપાએ અમારી હર સમયે હાથ થામીને મદદ કરી છે. આવી રીતે હંમેશા અમારી માનતાઓ પરીપૂર્ણ કરશો. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તે સ્વીકારશો અને પરચો છાપી ઋણમુક્ત કરશો.

માલિનીબેનના જય જલારામ

હું અને મારા ધર્મપત્ની ત્રણેક માસ માટે ઇન્ડીયા ગયા હતા તેમાંય અમે આણંદ ખાતે ખરીદી માટે ગયેલ. તે દરમ્યાન મારી એક હેન્ડબેગ રીક્ષામાંથી ઉતરતા રહી ગઇ જેમાં કેટલીક નવી સાડીઓ, હીયરીંગ એઇડસનું ચાર્જર તથા રોકડા પૈસા પણ હતા. હવે આવડા મોટા શહેરમાં રીક્ષાવાળાને કયાં શોધવો. પૂ. બાપાને તુરત જ યાદ કર્યા કે મારી બેગ પરત મળશે તો આણંદમાં આવેલ જલારામબાપાના મંદિરમાં ભેટ મુકીશું.

શોધખોળ આરંભી અને રીક્ષાવાળાઓ એકબીજાને ઓળખતા હોય છે તેમાંના એક રીક્ષાવાળાએ કહ્યુ કે હા તે રીક્ષાવાળો મારા ફોઇનો દીકરો છે. હમણાં જમવા ગયો છે. ત્યાં ગયા તો ખબર પડી કે મારી બેગ રીક્ષામાં સલામત હતી તેને પણ ખબર ન હતી કે મારી બેગ રીક્ષામાં રહી ગઇ હતી. અમારી બેગ મળી એ આનંદ તો થયો જ પણ એથી વધુ આનંદ પૂ. બાપાને યાદ કર્યાનો હતો. આણંદમાં આવેલ લોટીયા ભાગોળમાં જલારામ મંદિર આવેલ છે ત્યાં જઇ અમારી માનતા પૂરી કરી ધન્યતા અનુભવી. પૂ. બાપાને અમારા કોટી કોટી વંદન.

હસમુખભાઇ જયસ્વાલના જય જલારામ

પૂ. જલારામબાપાની કૃપાથી ઘણા લાંબા સમયથી ચાલતો કુટુંબનો ખટરાક શાંત પડી ગયો અને બધા સંપીને રહે છે અને જલાબાપાની મહેર થઇ છે. બીજુ કે મારા પતિને કેન્સરનું નિદાન થયુ હતુ તો તેનો રીપોર્ટ નોર્મલ આવ્યો અને બાપાએ આવા મહા ભયાનક રોગમાંથી ઉગારી લીધા. પૂ. બાપાની કૃપા અપરંપાર છે. પૂ. બાપા એટલા સમરથ અને અંતરયામી છે. માત્ર દિવો અને શ્રીફળની માનતાથી મારા પતિનો આખો રોગ ગાયબ કરી દીધો અને આખા કુટુંબના મોભને તારી દીધા. બાપાના ચરણોમાં કોટી કોટી પ્રણામ. હમણાં જ બીજો રીપોર્ટ કઢાવ્યો તે પણ એકદમ નોર્મલ આવ્યો. વીરપુરવાળા બાપા આખા જગતમાં ભકતોનું કાર્ય પૂર્ણ કરે છે અને દીન-દુઃખીયાને તારે છે. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારશો અને પરચો છાપી ઋણમુક્ત કરશો.

જયોતિબેન પટેલના જય જલારામ

જલારામબાપાના ચમત્કાર અપરંપાર છે. બાપા હાજરા હજૂર છે. મને પૂ. બાપા ઉપર અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. બાપાએ મારા અનેક નાના મોટા કાર્યો સફળ કર્યા છે. જયારે બાપાને અરજ કરુ છુ ત્યારે મારી પ્રાર્થના સફળ થાય છે. પૂ. બાપાને કોટી કોટી વંદન. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તે સ્વીકારશો અને ઋણમુક્ત કરશો.

ગાંધી પરિવારના જય જલારામ

બાપાને હંમેશા આગળ કરીને ચાલીએ છીએ. પણ દરેકની જીંદગીમાં ઉતાર ચઢાવ તો આવતા હોય છે. એ જ પ્રમાણે અમારી જીંદગીમાં પણ એવુ જ કાંઇક થયુ. મારી પત્નીને (૩૫ વર્ષ) ભયંકર રોગ (કેન્સર) થયો જેનું નામ સાંભળી બધા ડરતા હોય છે. બાપાનો પરચો માન્યો હતો કે આ રોગ શરીરમાં ફેલાયો ન હોય તો બાપાનો પરચો માનીશ. રોગ પ્રસરાયેલો નહોતો અને અત્યારે કીમો ચાલી રહ્યા છે. સર્જરી પણ કોઇ મુશ્કેલી વગર થઇ જાય તેવી બાપાને અરજી. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારશો અને આ પરચો છાપી ઋણમુક્ત કરશો.

કવિશ મોરકર તથા આશાબેન પટેલના જય જલારામ

પૂ. જલારામબાપાને કોટી કોટી પ્રણામ. પૂ. બાપાની કૃપાથી મારી ઘણી મુશ્કેલીઓ દૂર થઇ છે. પૂ. બાપાનું સ્મરણ કરવાથી ધારેલા કાર્યો હંમેશા પૂરા થાય છે. ગયા વર્ષે મારી આંખનો પ્રોબ્લેમ થયો હતો. ડાબી આંખમાં નાનો સ્ટ્રોક આવ્યો હતો. પણ સારી સારવારથી આંખ એકદમ સારી થઇ ગઇ છે. બાપાની માનતા માની હતી. તો પૂ. બાપાનો આ પરચો છાપીને ઋણમુક્ત કરશો અને યથાશકિત ભેટ સ્વીકારશો.

રેણુકાબેન અમીનના જય જલારામ

જય શ્રી જલારામબાપા, અમારા ભાણા ધ્રુવને પી. ટી. ની એકઝામમાં પાસ કરાવી તમે અમારા ઉપર બહુ કૃપા કરી છે. અમે આ પરચો છપાવી ઋણમાંથી મુક્ત થઇએ છીએ. અમારી ઉપર હંમેશા તમારી કૃપા રાખશો.

કમલેશભાઇ પટેલના જય જલારામ

પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી મારા માતૃશ્રીની વાચા મૃત્યુ પહેલા પાછી આવી હતી. અમારા માતૃશ્રીને બ્રેઇન હેમરેજ થયા પછી એમનાથી બોલતુ ન હતું. એમની હાલત ગંભીર હતી. અને એમનું બોલાઇ ન શકવાનું દુઃખ વધારે પીડાકારક હતુ. ડૉકટરો કહી ચુકયા હતા કે એમની વાચા પાછી આવવી લગભગ અશકય છે. મારા માતૃશ્રીને જલારામબાપા ઉપર અતૂટ શ્રધ્ધા હતી. મને બાપાની

માનતા માનવાનો વિચાર આવ્યો. અને માનતા માન્યા પછી લગભગ ૪૮ કલાકમાં એમની બોલવાની શકિત પાછી આવી. અંતિમ સમયે અઠવાડિયા પહેલા કુટુંબમાં બધા સાથે વાતો કરી, રામ નામ લેતા દેવલોક પામ્યા. મેં આ પરચો છપાવવાની માનતા રાખી હતી તો આ પરચો છાપી ઋણમુક્ત કરશો.

અંજુબેનના જય જલારામ

જલારામબાપાની અસીમ કૃપાથી મારા પુત્ર સત્યમને ઓસ્ટ્રેલીયાનું P.R. મળી ગયું અને મારા પતિને ફેફસામાં તકલીફ થઇ હતી તે રોગ પણ જલારામબાપાની કૃપાથી મટી ગયો છે.

શકુબેન પી. પટેલના જય જલારામ

મા અને બાપાની અસીમ કૃપાથી મારા પ્લેટલેટસનો નંબર સારા રહે છે. મારા પતિને આંખે ઓછુ દેખાતુ હતુ તે પણ એમની કૃપાથી ધીમે ધીમે સારુ થવા લાગ્યુ છે. હવે બીજી કૃપા કરશે જ એવો અમને અસીમ અને હૃદયપૂર્વકનો વિશ્વાસ અને શ્રધ્ધા છે.

કુમુદબેનના જય જલારામ

પૂ. જલારામબાપાની કૃપાથી મારા ભાઇને હળવી જોબ મળી છે. આ ઉપરાંત મારા ભત્રીજાનું ખોવાયેલુ વોલેટ પણ મળી ગયુ છે. આ સાથે યથાશક્તિ ભેટ મોકલી છે તેનો સ્વીકાર કરશો.

માલિનીબેનના જય જલારામ

પૂ. બાપાની કૃપા અપરંપાર છે. અમારા ઘરના બધા જ સભ્યો બાપાના ભકત છે. બાપા અવારનવાર અમારા સંકટો દૂર કરે છે. બે માસથી મારા પેન્શનના પૈસા અટકયા હતા. પેન્શન અટકી ગયુ હતુ તો મેં એ માટેના બધા જ પેપર નોટરાઇઝ કરી ઇન્ડીયા મોકલેલા છતાં કામ થતુ ન હતુ. મેં બાપાને અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરી કે બાપા મારુ પેન્શન ચાલુ થઇ જાય અને પૈસા ખાતામાં જમા થાય તો પરચો છપાવીશ. દશ જ દિવસમાં પૈસા ગુરૂવારે જમા થઇ ગયા. બાપાને કોટી કોટી વંદન.

અંબાલાલ પટેલના જય જલારામ

શ્રી જલારામબાપા ઉપર અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. બાપાએ અમારા નાના મોટા કાર્યો સફળ કર્યા છે. પૂ. બાપા દયાના સાગર છે. પૂ. બાપાની કૃપાથી મારી માનેલી માનતા સફળ થઇ છે. જયારે હું બાપાને વિનંતી કરુ છું ત્યારે બાપા મારી અરજ સાંભળીને તરત જ મારી ઇચ્છા પૂરી કરે છે. આવી રીતે દરેક ભકતોની આશા પૂર્ણ કરજો અને તમારા આશીર્વાદ હંમેશા અમારી સાથે રાખજો. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારશો.

ગાંધી પરિવારના જય જલારામ

જય શ્રી જલારામ. હું બાળપણથી જ શ્રી જલારામબાપાના પરચા મારા પરિવારમાં જોતી આવી છું અને અત્યારે પણ જોવું છું. મને અને મારા પરિવારને પૂ બાપા ઉપર ખૂબ જ શ્રધ્ધા છે. ગયા નવેમ્બરમાં મારા જમણા ઢીંચણ બદલવા માટે ઓપરેશન કરાવવાનું ડૉકટરે કહ્યું. હું ખૂબ જ ડરી ગઇ હતી. મેં પૂ. બાપાની માનતા રાખી કે બાપા મારા ઓપરેશન પછી મારા પગમાં સહેજ પણ દુઃખાવો ન રહે અને ખોડ પણ ના રહે તો જલારામ દર્પણમાં પરચો છપાવીશ. અત્યારે મને મારા પગમાં ઘણું જ સારૂ થઇ ગયું છે. તો આ મારો પરચો જલારામ દર્પણમાં છાપી અને આ સાથે મોકલાવેલી ભેટ સ્વીકારીને મને ઋણમુક્ત કરશોજી.

પૂર્ણિમાબેનના જય જલારામ

ૐ શ્રી જલારામાય નમઃ. જુલાઇ ૨૦૧૬ના છેલ્લા અઠવાડીયામાં મારે ઈન્ડિયા જવાનું આયોજન હતું. છેલ્લા બે દિવસ દરમ્યાન મેં મારા પાકીટમા મુકેલા યુ. એસ. ના ફોટો આઇ ડી રાખેલ હતા. તપાસ કરતા મને મળ્યા નહી. એકાએક આઇ ડી ન મળવાથી હું ચિંતામાં પડી ગઇ. સાથે સાથે ઇન્ડિયા જવાનું હતુ તેથી વધારે મુંઝવણમાં મુકાઇ ગઇ. મેં પૂ. જલારામબાપાનો પરચો છપાવવાની માનતા રાખી. હું જ્યારે ઇન્ડીયા ગઇ ત્યારે મારી બેગમાંથી મારૂ પાકીટ મળ્યું, જેમાં મને મારા આઇ ડી મળ્યા. હું ખૂબ જ આનંદીત થઇ ગઇ અને અંતકરણ પૂર્વક પૂ. જલારામબાપાનો આભાર માન્યો. આ સાથે માકલાવેલી યથાશક્તિ ભેટ સ્વીકારી અને મારા સ્વાનુભવનો પરચો જલારામ દર્પણમાં છાપી મને ઋણમુક્ત કરશોજી.

લક્ષ્મીબેનના જય જલારામ

## તા.ક.

**આપને જો કોઇ સ્વાનુભાવ (પરચો) થયો હોય તો જરૂરથી લખીને મોકલશો. સમય અને જગ્યાની અનુકુળતાએ જલારામ દર્પણમાં જરૂરથી છાપવામાં આવશે.**

## Go Green

*Let's all try to save the planet for our future generations. Going forward starting with January 2017 issue, we will not be mailing a physical copy of Jalaram Darpan to everyone in the mail. We will be publishing the Darpan on our website at www.shreejalarammandir.org as well as send it via email to those members who provided it to us. If you want to share your email address, please send it to **jalaram.mandir.il@att.net.***

આપણા પર્યાવરણને અને પૃથ્વીને આપણી ભાવિ પેઢી માટે લાંબા સમય સુધી હરિયાળી રાખવા માટે આપણે સૌ પ્રયાસ કરવો જોઇએ. જાન્યુઆરી ૨૦૧૭ના અંકથી જલારામ દર્પણ રેગ્યુલર મેઇલમાં મોકલવામાં આવશે નહી તેની નોંધ લેવી. દર્પણ ફકત મંદિરની વેબસાઇટ ઉપર પ્રકાશિત કરવામાં આવશે અને ઇમેઇલ દ્વારા મોકલવામાં આવશે. જો આપ ઇમેઇલ દ્વારા દર્પણ મેળવવા ઇચ્છતા હો તો આપનું ઇમેઇલ એડ્રેસ નીચેની ઇમેઇલ ઉપર મોકલી આપો.***jalaram.mandir.il@att.net.***

## વિશેષ નોંધ

સૌ ભકતોને નમ્રવિનંતી કે જો આપનું સરનામું બદલાયું હોય તો આપ મંદિરની ઓફિસમાં જાણ કરશો. જેથી જૂનું સરનામું રદ કરીને નવા સરનામા પર જલારામ દર્પણ તેમજ અન્ય સમાચાર પત્રો મોકલી શકાય. આ ઉપરાંત મંદિર તરફથી ઇ-મેઇલ દ્વારા પણ આગામી ઉત્સવો તેમજ પ્રસંગોની જાણ કરવામાં આવે છે. જો આપને ઇ-મેઇલ દ્વારા સમાચાર મેળવવાની ઇચ્છા હોય તો આપ વિપુલ ઠક્કરનો ૬૩૦.૯૬૫.૯૭૯૦ અથવા ઓફિસમાં ૮૪૭.૪૯૦.૫૨૫૨ (JALA) પર સંપર્ક કરવા વિનંતી છે.

## જનરલ

દરેક ઉત્સવોના ફોટા મંદિરની વેબસાઇટ ઉપર મૂકવામાં આવે છે જેની સૌ ભકતોએ નોંધ લેવા વિનંતી છે. મંદિરમાં ચાલતી પ્રવૃત્તિઓ અથવા મંદિરને લગતા કોઇ સુધારા માટે આપને કોઇ સૂચન હોય તો મંદિરમાં એક સૂચન પેટી (સજેશન બોકસ) મૂકવામાં આવી છે જેમાં આપ આપના સૂચનો મૂકી શકો છો. મંદિરની કમિટિ યોગ્ય સૂચનો નો વિચાર વિમર્શ કરી અમલ કરશે.

## ડોનેશન કેન

આપણું શ્રી જલારામ મંદિર સને ૨૦૦૮માં ખુલ્લુ મુકાયુ ત્યારે મંદિર માટે ભંડોળ એકત્ર કરવા ભકતજનોની વિનંતીથી ''ટીપે ટીપે સરોવર ભરાય અને આપણું શ્રી જલારામ મંદિર બંધાય'' તેવા સંકલ્પથી દિવસનો એક ડૉલર ડોનેશન કેનમાં મુકી કેન ભરાયેથી મંદિરમાં પરત આપવાનું નકકી થયેલ હતું.

આપણા મંદિરનું બાંધકામ શરૂ થયુ હોવાથી આપ મંદિરથી લઇ ગયેલ ડોનેશન કેન હવે ભરાઇ ગયું હશે; તો આપની અનુકુળતાએ મંદિરે કેનમાં ભેગી થયેલ રકમ જમા કરાવવા અથવા તો મંદિરનો સંપર્ક કર્યેથી કાર્યકર્તા આપના ઘેરથી પરત લઇ જવાની વ્યવસ્થા કરશે.

આભાર સહ.

**જલારામ મંદિર કમિટિ**

# જલારામ દર્પણ ભેટ યોજના

આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યકત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.

| | |
|---|---|
| ➢ શીરીનભાઇ / નીષાબેન ગાંધી | $ ૨૨૮.૦૦ |
| ➢ ચંદ્રકાંતભાઇ / ઇન્દીરાબેન શાહ | $ ૨૬૨.૦૦ |
| ➢ રસીકભાઇ / જયશ્રીબેન ઠક્કર | $ ૨૦.૦૦ |
| ➢ જયેન્દ્રભાઇ / સુવર્ણાબેન ઠક્કર | $ ૨૧.૦૦ |
| ➢ હસમુખભાઇ / શારદાબેન જયસ્વાલ | $ ૨૧.૦૦ |
| ➢ સુરેન્દ્રભાઇ / નિરૂપાબેન દેસાઇ | $ ૨૫.૦૦ |
| ➢ પ્રદીપભાઇ / દક્ષાબેન ટેઇલર | $ ૧૦૧.૦૦ |
| ➢ કમલેશભાઇ / તૃષ્ણાબેન પટેલ | $ ૫૧.૦૦ |
| ➢ ઠાકોરદાસ / તારાબેન પારડીવાલા | $ ૧૫૧.૦૦ |
| ➢ રમેશચંદ્ર / ભારતીબેન શાહ | $ ૫૧.૦૦ |
| ➢ શારદાબેન પટેલ | $ ૨૧.૦૦ |
| ➢ સોમાભાઇ રામભાઇ પટેલ | $ ૧૦૧.૦૦ |
| ➢ શકુંતલાબેન શાહ | $ ૫૧.૦૦ |
| ➢ વિનોદભાઇ / માધુરીબેન ઠક્કર | $ ૨૨.૦૦ |
| ➢ જયોતિબેન પટેલ | $ ૨૨૮.૦૦ |
| ➢ ચીમનભાઇ / જયશ્રીબેન પટેલ | $ ૧૫૧.૦૦ |
| ➢ મીનાબેન ચટવાણી | $ ૨૫.૦૦ |
| ➢ પરીમલભાઇ / દીપ્તીબેન ગાંધી | $ ૫૧.૦૦ |
| ➢ રમેશચંદ્ર / સુભદ્રાબેન ઠક્કર | $ ૭૨.૦૦ |
| ➢ પ્રવીણભાઇ / નીતાબેન ઠક્કર | $ ૨૧.૦૦ |
| ➢ મયુરભાઇ પંચાલ | $ ૧૦૧.૦૦ |
| ➢ અશોકકુમાર / અર્પીતાબેન પટેલ | $ ૫૧.૦૦ |
| ➢ માલિનીબેન પટેલ | $ ૮૪.૦૦ |
| ➢ રાજભાઇ / રીટાબેન પટેલ | $ ૧૦૧.૦૦ |
| ➢ દુર્ગેશભાઇ પંડયા | $ ૨૧.૦૦ |
| ➢ બાબુભાઇ / વસંતીબેન રાણા | $ ૨૧.૦૦ |
| ➢ સૂર્યકાંત પટેલ | $ ૧૧.૦૦ |

# જલારામ દર્પણ ભેટ યોજના

આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યકત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.

| | |
|---|---|
| ➢ જયેશભાઇ / નીલમબેન શાહ | $ ૧૦૧.૦૦ |
| ➢ રાવજીભાઇ પટેલ | $ ૧૫૧.૦૦ |
| ➢ ઉમેશભાઇ / પુષ્પાબેન મોરકર | $ ૨૧.૦૦ |
| ➢ રામજીભાઇ પટેલ | $ ૨૫.૦૦ |
| ➢ મેહુલભાઇ પટેલ | $ ૨૧.૦૦ |
| ➢ પુનમભાઇ / શકરીબેન પટેલ | $ ૨૧.૦૦ |
| ➢ શ્વેતાબેન / ભાવીભાઇ પટેલ | $ ૫૧.૦૦ |
| ➢ દિનેશભાઇ / વસુબેન ગાંધી | $ ૧૧.૦૦ |
| ➢ પરેશભાઇ / નીલાબેન બોડલીયા | $ ૫૧.૦૦ |
| ➢ સુષ્માબેન જાગીરદાર | $ ૧૧.૦૦ |
| ➢ મહેન્દ્રભાઇ અમીન | $ ૧૨૧.૦૦ |
| ➢ હંસાબેન / રાજભાઇ પટેલ | $ ૨૦.૦૦ |
| ➢ સાઉથલેન્ડ મોટર લોજ | $ ૩૫.૦૦ |
| ➢ હિમાંશુભાઇ / સંદીપભાઇ પટેલ | $ ૩૬૧.૦૦ |
| ➢ જયંતિભાઇ / કાશ્મીરાબેન ગાંધી | $ ૧૦૧.૨૫ |
| ➢ અશોકભાઇ / જ્યોતિબેન શાહ | $ ૩૧.૦૦ |
| ➢ ડાહીબેન / કેશવભાઇ ચૌહાણ | $ ૭૨.૦૦ |
| ➢ પરેશભાઇ / નીલાબેન બોડલીયા | $ ૨૧.૦૦ |
| ➢ કોકીલાબેન / કનૈયાલાલ શાહ | $ ૨૧.૦૦ |
| ➢ ઇલાબેન પટેલ | $ ૧૫૨.૦૦ |
| ➢ ગીરીશભાઇ / નીતાબેન ઠક્કર | $ ૫૧.૦૦ |
| ➢ પીનાકીનભાઇ દેસાઇ | $ ૧૦૦.૦૦ |
| ➢ યોગેશભાઇ પટેલ | $ ૧૦૧.૦૦ |
| ➢ સૂર્યકાંત / સુધાબેન / હિરેન પટેલ | $ ૫૧.૦૦ |
| ➢ દિલીપભાઇ / વિલાસબેન પટેલ | $ ૧૦૧.૦૦ |
| ➢ દિનેશભાઇ / શીલ્પાબેન પટેલ | $ ૨૫.૦૦ |
| ➢ રામ ભરોસે | $ ૩૩૨૩.૦૦ |

卐 **નિયમિત કાર્યક્રમો** 卐

**ભજન**

દર ગુરુવારે : સાંજે ૬:૦૦-૭:૪૫

પ્રથમ તથા ત્રીજા રવિવારે :સાંજે ૫:૩૦-૭:૪૫

**સુંદરકાંડ પાઠ**

દર શનિવારે : સવારે ૮:૩૦-૧૧:૩૦

**વિષ્ણુ અભિષેક**

દર અગિયારસના દિવસે : સાંજે ૬:૦૦-૭:૦૦

**શિવજી અભિષેક**

દર સોમવારે : સાંજે ૬:૦૦-૭:૦૦

ભજનના કાર્યક્રમ બાદ મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.

**: આરતીના સમય :**

મંગળા આરતી - સવારે ૭:૩૦

શણગાર આરતી - સવારે ૯:૦૦

સંધ્યા આરતી - સાંજે ૭:૩૦

**: દર્શન સમય :**

સવારે ૭:૦૦ થી બપોરે ૧૨:૩૦

બપોરે ૪:૦૦ થી રાત્રે ૮:૩૦


Shree Jalaram Mandir
425 Illinois Blvd.
Hoffman Estates, IL 60169
Ph: 847-490-JALA (5252)
WWW.SHREEJALARAMMANDIR.ORG



Non-Profit Org.
U.S. Postage
PAID
Schaumburg, IL
Permit No. 183


To,